કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

www.vavaddaily.com

51 YEARS ANNIVERSARY

E-mail : vavaddaily@gmail.com

page 4 Ratail price Rs. 0.60, Annual subscription Rs. 150, Year : 51 , Mo. 98797 65225, Reg. NO. G-KCH-018/2024/26 ગુરૂવાર THURSDAY 24-04-2025 Issue 178

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER , PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર


## વચનામૃત



આત્મનિષ્ઠાવાળા જે સંત તેને આત્મનિષ્ઠા ને તીવ્ર વૈરાગ્ય એ બે હોય તેણે કરીને કોઇ રીતનું બંધન તો ન થાય, પણ જો તેને ભગવાનને વિષે ભક્તિ ન હોય, તો જેમ બહુ પ્રકારનાં ભોજન ને બહુ પ્રકારનાં વ્યંજન કર્યાં હોય ને તેમાં જો એક લવણ ન હોય તો તે સર્વે નકારાં થઇ જાય છે, તેમ ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારુંજ છે ને સદા અકલ્યાણકારી જ છે, એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ શ્રીમદ્ભાગવતને ભણતા હતા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દૃઢ ભક્તિને કરતા હતા. માટે આત્મનિષ્ઠાવાળાને જો ભગવાનને વિષે ભક્તિ ન હોય તો એ એને મોટું દૂષણ છે. અને જેને ભગવાનને વિષે ભક્તિ હોય તેને પણ જો આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય તો જેવી ભગવાનને વિષે પ્રીતિ હોય તેવી બીજા પદાર્થને વિષે પણ પ્રીતિ થઇ જાય. માટે એ ભક્તિમાર્ગવાળાને પણ મોટું દૂષણ છે. (ગ. મ. પ્ર. ||૬૫|| ૧૯૮)

તંત્રી સ્થાનેથી... સાવધાન

# દેશ માફ નહીં કરે...

@ રામ કરશનદાસ ઠક્કર

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં બે વિદેશી નાગરિકો સહિત ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા, તેનો ગુસ્સો દેશભરમાં ભારે છે. દેશ હવે માફ કરવાના મૂડમાં નથી. સરકાર પણ કંઇક મોટું કરવાની વેતરણમાં જણાઇ રહી છે. પણ જો સરકારે કોઇ મોટી કાર્યવાહી ન કરી તો દેશ સરકારને પણ માફ કરવાના મૂડમાં જણાતો નથી. પરંતુ સરકાર જનતા કરતાં પણ વધુ ગુસ્સામાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની વિદેશ યાત્રા ટુંકાવીને સ્વદેશ આવીને બેઠકોનો દોર ચલાવી રહ્યા છે. પીએમ મોદીની દૃઢતાથી દુનિયા માહિતગાર છે. શ્રીનગરથી દિલ્હી સુધી, ઉચ્ચ સ્તરીય બેઠકો ચાલી રહી છે. આ બેઠકો ચાપાણી પીવા નથી મળી રહી. કંઇક રંધાઇ રહ્યું છે. આતંકીઓને પાકિસ્તાન મોકલી રહ્યું છે એ વાતમાં ભારત શું, દુનીયાના કોઇ દેશને શંકા નથી. હવે એની સામત અવી ગઇ છે. પાકિસ્તાનને મોટો આંચકો આપવાની તૈયારી ચાલતી હોઇ શકે છે. આ આંચકો શું અને કેવો હશે, તે કહેવું મૂશ્કેલ છે. કેમ કે, શત્રુ સાથે બદલાની કાર્યવાહી આગોતરી નોટીસ આપીને કરવામાં આવતી નથી. પુલવામા હુમલા પછી કરવામાં આવેલી સર્જીકલ સ્ટ્રાઇક માટે સરકારે સમય અને કાર્યવાહીનો પ્રકાર નક્કી કરવાનું કામ વાયુ સેનાને સોંપી દીધું હતું. પહલગામ હુમલામાં પણ એવું જ કંઇક થશે. કાર્યવાહી વાયુ સેના કરશે કે સ્થલ લેના, કે પછી ત્રણે સેના સંયુક્ત કાર્યવાહી કરશે, તે કાર્યવાહી થશે ત્યારે દુનિયા જાણશે અને પાકિસ્તાન પણ જાણશે.

દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સીંહે કહ્યું છે કે, 'હું દેશવાસીઓને ખાતરી આપવા માંગુ છું કે સરકાર દરેક જરૂરી પગલાં લેશે. અમે ફક્ત આ કૃત્યના ગુનેગારો સુધી જ નહીં, પરંતુ પડદા પાછળના પાત્રો સુધી પણ પહોંચીશું. આરોપીઓને ટૂંક સમયમાં મજબૂત અને સ્પષ્ટ જવાબ મળશે, હું દેશને આ ખાતરી આપવા માંગુ છું.' આ બહુ મોટી ચેતવણી છે. પાકિસ્તાન માટે તે નોટીસ બરાબર છે. 'પડદા પાછળના પાત્રો' સુધી પણ પહોંચવાની સંરક્ષણ મંત્રીની વાત ઘણુ કહી જાય છે. વાત નીકળી છે તો હવે તે ઘણે સુધી જવાની લાગે છે. હવાઇ દળ કે ભૂમિ દળ જ નહીં જલ સેના પણ સક્રિય થવાની હોય તો જ પડદા પાછળના પાત્રોની વાત થતી હોય. જે હોય તે શત્રુને આ વખતે મોટો પાઠ ભણાવવાની તૈયારી થતી લાગે છે. સરકારે ત્રણે દળોને સ્ટેન્ડ બાય રહેવનું એલર્ટ આપી દીધું છે.

અહીં ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે, દેશની સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, ત્રણેય સેનાના વડાઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. કાર્યવાહી કાશ્મીર એલઓસી સુધી સિમિત રહેવાની હોય તો જલ સેનાની વાત આવે નહીં. જલ સેનાની વાત આવી છે એટલે લાગે છે કે જે થવાનું છે તે બહુ મોટું હશે. ગૃહ મંત્રી અમીત શાહે પણ સ્પષ્ટ કરી દીધું છે કે, 'ભારત આતંક સામે ઝૂકશે નહીં. આ ક્રૂર આતંકવાદી હુમલાના ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં.' સૌથી વધુ મહત્વ વડાપ્રધાનના વિચારોનું છે. તેમણે કહ્યું છે કે, 'આ હુમલા પાછળ જે કોઈ પણ હશે તેને બક્ષવામાં આવશે નહીં. આ ઘૃણાસ્પદ કૃત્ય પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે...તેમને બક્ષવામાં આવશે નહીં ! તેમનો નાપાક એજન્ડા ક્યારેય સફળ થશે નહીં. આતંકવાદ સામે લડવાનો અમારો સંકલ્પ અડગ છે અને તે વધુ મજબૂત બનશે.' સૌની એવી સમજ છે કે, પીએમ મોદી બોલે છે તે પાળે છે. હવે જોવાનું એ છે કે આતંક સામેની તેઓ દેશની લડાઇ ક્યાં સુધી લઇ જાય છે ? પાકિસ્તાનને તેની હરકતોનો જવાબ કેવો અને ક્યારે મળે છે.

દરમિયાન, બુધવારે સાંજે અઢી કલાકની ચર્ચા બાદ કેન્દ્રીય કેબીનેટને સુરક્ષા સમિતિની બેઠકમાં જે નિર્ણયો લેવાયા છે, તે પાકિસ્તાન માટે મોકાણ સાબિત થવાના છે. પાકિસ્તાન સાથેની વાઘા અટારી બોર્ડર બંધ કરવા, સિંધુ જળ કરાર રદ્દ, પાકિસ્તાન દૂતાવાસના રાજદ્વારીઓ અને સુરક્ષા સલાકારોની ભારતમાંથી રવાનગી, દૂતાવાસના કર્મચારીઓની સંખ્યા ૫૫થી ઘટાડીને ૩૦ કરવા, પાકિસ્તાનીઓના વિઝા રદ્દ કરવા સહિતના નિર્ણયો લેવાયા છે. જળ કરાર રદ્દ થવાથી ભૂખે મરતા પાકિસ્તાનીઓ માટે હવે તરસે મરવાનો વારો આવી શકે છે.

# આતંકીઓને કલ્પના કરતાં પણ મોટી સજા મળશે : મોદી


## પહેલગામના ગુનેગારોને પ્રધાનમંત્રીનો કડક સંદેશ : પીઓકે..... પીઓકે..... પીઓકે....પીઓકે... પોકારીને લોકોએ પાકિસ્તાન પાસેથી બદલો લેવાની માંગ કરી

નવી દિલ્હી, તા. ૨૪

વડાપ્રધાન મોદીએ પહેલગામ હુમલાના અપરાધીઓને કોઈની કલ્પના કરતા પણ આકરી સજા આપવાની દેશને ખાતરી આપી હતી.

બિહારના મધુબનીમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસના કાર્યક્રમમાં સંબોધન કરતા પહેલા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ કહ્યું કે, બિહાર એ ભૂમિ છે જ્યાંથી પૂજ્ય બાપુએ સત્યાગ્રહનો મંત્ર ફેલાવ્યો હતો. પૂજ્ય બાપુ દ્રઢપણે માનતા હતા કે, જ્યાં સુધી ભારતના ગામડાં મજબૂત નહીં બને, ત્યાં સુધી ભારત ઝડપથી વિકાસ કરી શકશે નહીં. દેશમાં પંચાયતી રાજની વિભાવના પાછળની આ ભાવના છે.

પોતાના સંબોધનમાં પણ પીએમ નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કહ્યું કે, દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે. હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને તેની પાછળ કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. હવે સમય આવી ગયો છે કે, આતંકવાદીઓ પાસે જે કંઈ પણ નાનું-મોટુ મેદાન બચ્યું છે



તેનો નાશ કરવામાં આવશે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ જે ક્રૂરતાથી નિર્દોષ નાગરિકોની હત્યા કરી તેનાથી સમગ્ર રાષ્ટ્ર દુઃખી છે. બધા દુઃખી છે. દેશ તમામ અસરગ્રસ્ત પરિવારોની સાથે ઉભો છે. સરકાર એ પણ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરી રહી છે કે, સારવાર હેઠળ રહેલા પરિવારના સભ્યો જલ્દી સ્વસ્થ થાય. આ આતંકવાદી હુમલામાં કોઈએ પોતાનો પુત્ર ગુમાવ્યો, કોઈએ પોતાનો ભાઈ ગુમાવ્યો તો કોઈએ પોતાનો જીવનસાથી ગુમાવ્યો છે. તે બધા અલગ અલગ સ્થળોના હતા. પહેલગામ આતંકવાદી હુમલા પછી પીએમ મોદીનો આ પહેલો કાર્યક્રમ છે. ૨૨ એપ્રિલના રોજ થયેલા આ હુમલામાં ૨૮ લોકોનાં મોત થયાં હતાં. આ ઘટના બાદ દેશમાં પાકિસ્તાન વિરુદ્ધ ગુસ્સાનું વાતાવરણ છે. લોકો પાકિસ્તાનને પાઠ ભણાવવાની માંગ કરી રહ્યા છે. લોકો કહે છે કે પોક પાછો લઈ લેવો પડશે. પાકિસ્તાન માટે આ કાયમી ઉકેલ છે. લોકોએ જોરશોરથી પીઓકે પેઓકે પીએકે પોકારીને પોતાની માગણી પીએમ સુધી પહોંચાડી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુરુવારે બિહારના મુધબની પહોંચ્યા. અહીં તેમણે રાષ્ટ્રીય પંચાયતી રાજ કાર્યક્રમના મંચ પરથી બિહારને ઘણી ભેટો આપી. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી પીએમ મોદીની આ પહેલી મુલાકાત છે. પીએમ મોદીનો આ કાર્યક્રમ યુટ્યુબ પર તેમની ચેનલ નરેન્દ્ર મોદી પર પણ લાઇવ હતો. આ સમય દરમિયાન, ઘણા લોકોએ ટિપ્પણી વિભાગમાં પાકિસ્તાન પાસેથી બદલો લેવાની માંગ કરી છે. લોકોએ પીઓકે (પાકિસ્તાન કબજા હેઠળનું કાશ્મીર) પાછું મેળવવાની અપીલ કરી. પીએમ મોદીના ભાષણને લાઈવ જોનારા ઘણા યુઝર્સે લખ્યું, પીઓકે પાછું લઈ લો. ઘણા યુઝર્સે લખ્યું કે અમને આખું પાકિસ્તાન જોઈએ છે. એક યુઝરે લખ્યું કે પીઓકે પાછું લેવું એ પાકિસ્તાન માટે યોગ્ય ઉકેલ છે. બીજા એક યુઝરે લખ્યું કે અમને ફક્ત પીઓકે જોઈએ છે બીજું કંઈ નહીં. એક યુઝરે લખ્યું કે પીઓકે એકમાત્ર કાયમી ઉકેલ છે. ૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં, આતંકવાદીઓએ લોકોને તેમનો ધર્મ અને નામ પૂછીને ગોળી મારી દીધી. આ ઘટનામાં ૨૮ લોકોના મોત થયા હતા. મૃતકોમાં મોટાભાગના પ્રવાસીઓ છે. આ હુમલા બાદ દેશમાં પાકિસ્તાન સામે ગુસ્સો છે. રસ્તાઓ પર દેખાવો થઈ રહ્યા છે. આ દરમિયાન, દિલ્હીમાં શ્રેણીબદ્ધ બેઠકો ચાલી રહી છે. બુધવારે મોદી સરકારે પાકિસ્તાન પર રાજદ્વારી હુમલો કર્યો. તેણે સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી અને રાજદ્વારી સંબંધો પણ કાપી નાખ્યા. એટલું જ નહીં, તેમણે અટારી બોર્ડર પણ બંધ કરી દીધી.

### પીઓકે : જૈશે બહાવલપુર મુખ્યાલય ખાલી કર્યું

ઈસ્લામાબાદ, તા. ૨૪

પહેલગામ હુમલા બાદ પાકિસ્તાની સેનાની સાથે સાથે ત્યાંના આતંકવાદીઓમાં પણ ગભરાટનો માહોલ છે. લોન્ચિંગ પેડ્સની સાથે, જૈશ-એ-મોહમ્મદના મુખ્ય તાલીમ શિબિરો અને મુખ્યાલય પણ ખાલી કરાવવામાં આવ્યા છે. જૈશના બહાવલપુર મુખ્યાલયને પણ ખાલી કરાવી દેવામાં આવ્યું છે. આ મુખ્યાલય ૧૮ એકરમાં ફેલાયેલું છે.

### સેના એક્શન મોડમાં

પહેલગામ આતંકવાદી હુમલા પછી સેના કમાન સંભાળી રહી છે. બુધવારે (૨૩ એપ્રિલ) ના રોજ, સુરક્ષા દળોએ બારામુલ્લામાં મોટી સફળતા મેળવી. સુરક્ષા દળોએ અહીં નિયંત્રણ રેખા (LoC) નજીક ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવતા બે આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ દરમિયાન, સુરક્ષા દળોએ આતંકવાદીઓ પાસેથી બે AK શ્રેણીની રાઇફલ, ચાઇનીઝ પિસ્તોલ અને ૧૦ કિલો IED અને અન્ય સામગ્રી જપ્ત કરી.

અહેવાલ છે કે આ આતંકવાદીઓ ખીણમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા, પરંતુ તે પહેલાં જ સેનાના જવાનોએ તેમને ઠાર માર્યા.

# ઉધમપુરમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

## એક જવાન શહીદ

નવી દિલ્હી, તા. ૨૪

દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની બહાર લોકોનો વિરોધ ચાલુ છે. લોકો ત્યાં ભારે વિરોધ કરી રહ્યા છે. તેમણે જય શ્રી રામના નારા પણ લગાવ્યા. પ્રદર્શનકારીઓની માંગ છે કે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં આવે. લોકો કહે છે કે પાકિસ્તાનને પાણી પુરવઠો બંધ કરવો જોઈએ નહીં, પરંતુ પાકિસ્તાનનો પણ નાશ કરવો જોઈએ.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો સતત સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. ઉધમપુરના દુડુ-બસંતગઢમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. આ એન્કાઉન્ટરમાં એક સૈનિક શહીદ થયાના સમાચાર છે. અગાઉ, સેનાએ બારામુલામાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા, જેમની પાસેથી હથિયારો અનૈં ઈંઢ મળી આવ્યા હતા.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી



હુમલા બાદથી સેના અને પોલીસ દ્વારા સતત સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

સેનાની ઘણી ટીમો સમગ્ર વિસ્તારમાં સઘન શોધખોળ કામગીરી ચલાવી રહી છે. આ દરમિયાન જમ્મુ પોલીસ પણ તેમની સાથે હાજર છે. આ દરમિયાન, સેના અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરના સમાચાર સામે આવ્યા છે.

જમ્મુ પોલીસના જણાવ્યા અનુસાર, ઉધમપુરના દુડુ-બસંતગઢ વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે.

આમાં એક સૈનિક શહીદ થયો છે. સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ સેના પર ગોળીબાર કર્યો, જેના જવાબમાં સેના પણ સતત ગોળીબાર કરી રહી છે. એવું માનવામાં આવે છે કે સેનાએ અહીં બે થી ત્રણ આતંકવાદીઓને ઘેરી લીધા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કદાચ એ જ આતંકવાદીઓનું જૂથ છે જે તાજેતરમાં રામનગર વિસ્તારમાં ટ્રેક કરવામાં આવ્યું હતું. આ ૩ પાકિસ્તાની આતંકવાદી હોઈ શકે છે.

આ એન્કાઉન્ટરમાં, બંને બાજુથી ગોળીબારનો અવાજ સમયાંતરે આવી રહ્યો છે. ઘટનાસ્થળે ભારે ફોર્સ હાજર છે. આ સાથે, ઘણા પોલીસ કર્મચારીઓ પણ સેના સાથે છે. પહેલગામ હુમલા બાદથી ભારતીય સેના એલર્ટ મોડ પર કામ કરી રહી છે. આ જ કારણ છે કે છેલ્લા ૨૪ કલાકમાં સેનાની આ બીજી કાર્યવાહી છે.

સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં ખીણમાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ સક્રિય છે.

# બીજાપુરમાં નક્સલીઓ ઘેરાયા

## ૫ હજારથી વધુ સૈનિકોએ નક્સલીઓને ઘેરી લીધા : એન્કાઉન્ટરમાં ૫ નક્સલીઓના મોત

રાયપુર, તા. ૨૪

છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર આવેલા બીજાપુર જિલ્લાના કરેગુટ્ટાના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં પાંચ નક્સલીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ ૩ દિવસ પહેલા સૌથી મોટું નક્સલ વિરોધી ઓપરેશન શરૂ કર્યું હતું. સર્ચ ઓપરેશન અને એન્કાઉન્ટર ચાલુ છે. પોલીસ અધિકારીઓએ આ માહિતી આપી છે. તેલંગાણા, મહારાષ્ટ્ર અને છત્તીસગઢ એમ ત્રણ રાજયોના હજારો સૈનિકો આ ઓપરેશનમાં સામેલ છે.

નક્સલવાદીઓ સામેના આ ઓપરેશનમાં અનેક સુરક્ષા એકમો સામેલ છે, જેનો ઉદ્દેશ્ય સરહદી જંગલ વિસ્તારોમાં નક્સલવાદીઓની હાજરી અને માળખાગત સુવિધાઓને ખતમ કરવાનો છે. મળતી માહિતી મુજબ, નક્સલવાદીઓ ચારે બાજુથી ઘેરાયેલા છે. આ કામગીરીમાં ૧૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ સામેલ છે.

પોલીસે જણાવ્યું હતું કે, બસ્તર ક્ષેત્રમાં શરૂ કરાયેલા સૌથી મોટા આતંકવાદ વિરોધી ઓપરેશનમાંના એક, ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG), બસ્તર ફાઇટર્સ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF), રાજય પોલીસના તમામ યુનિટ તેમજ સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને તેની ચુનંદા કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન (COBRA) સહિત વિવિધ યુનિટના લગભગ ૧૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ સામેલ હતા.

પોલીસે જણાવ્યું હતું કે માઓવાદીઓના સૌથી મજબૂત લશ્કરી સંગઠન બટાલિયન નંબર ૧ અને માઓવાદીઓની તેલંગાણા રાજ્ય સમિતિના વરિષ્ઠ કેડરોની હાજરી અંગેની માહિતીના આધારે, સોમવારે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને ઘણા દિવસો સુધી ચાલુ રહેશે.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે ગાઢ જંગલો અને ટેકરીઓથી ઘેરાયેલો આ વિસ્તાર માઓવાદી બટાલિયન નંબર ૧ નો ગઢ માનવામાં આવે છે. મળતી માહિતી મુજબ, બીજાપુરમાં ૫ હજારથી વધુ સૈનિકો નક્સલવાદીઓ દ્વારા ઘેરાયેલા છે.

### દિલ્હી : પાકિસ્તાન હાઈ કમિશન બહાર વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૨૪

દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની બહાર લોકોનો વિરોધ ચાલુ છે. લોકો ત્યાં ભારે વિરોધ કરી રહ્યા છે. તેમણે જય શ્રી રામના નારા પણ લગાવ્યા. પ્રદર્શનકારીઓની માંગ છે કે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં આવે. લોકો કહે છે કે પાકિસ્તાનને પાણી પુરવઠો બંધ કરવો જોઈએ નહીં, પરંતુ પાકિસ્તાનનો પણ નાશ કરવો જોઈએ.

# થરથર કાંપતા પાકિસ્તાનનું મિસાઇલ ટુસ્ટનું ઉશ્કેરણીજનક પગલું

## આજે અરબી સમુદ્રમાં મિસાઇલ પરીક્ષણ કરવા જઈ રહ્યું છે : ભારતેનું મિગ-૨૯થી સજ્જ ભારતીય વિમાનવાહક જહાજ અરબી સમુદ્રમાં કાર્યરત

ઈસ્લામાબાદ, તા. ૨૪

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન ભારતીય કાર્યવાહીથી ડરી ગયું છે. ભારત સરકાર તાબડતોબ પગલા લઈ રહી છે. પાકિસ્તાનને ભારત તરફથી મોટો બદલો લેવાનો ડર છે. આતંકવાદી હુમલા બાદ તરત જ પાકિસ્તાને તેની વાયુસેનાને એલર્ટ કરી દીધી હતી. પાકિસ્તાન વાયુસેનાના વિમાનોની અસામાન્ય પ્રવૃત્તિઓ મળી આવી હતી, જેમાં કથિત રીતે ભારતીય સરહદની નજીક ઉડતા અવાક્સ વિમાનનો સમાવેશ થતો હતો. આ દરમિયાન, પાકિસ્તાને વધુ એક ઉશ્કેરણીજનક પગલું ભર્યું છે. પાકિસ્તાન હવે એક નવી મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. આ મિસાઇલની રેન્જ ૪૮૦ કિલોમીટર હોવાનું કહેવાય છે.

પાકિસ્તાને આ મિસાઈલનું પરીક્ષણ એવા સમયે કરવાનો નિર્ણય લીધો છે જ્યારે પહેલગામ હુમલાને લઈને બંને દેશો વચ્ચે તણાવ ઝડપથી વધી રહ્યો છે.

ડેમિયન સિમોન નામના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, પાકિસ્તાન ૨૪થી ૨૫ એપ્રિલની વચ્ચે પોતાનું મિસાઇલ પરીક્ષણ કરી શકે છે. પાકિસ્તાને અરબી સમુદ્રમાં નો-ફ્લાય ઝોન જાહેર કર્યો છે અને જીવંત ગોળીબારની ચેતવણી આપી છે. ખલાસીઓને પણ આ વિસ્તારથી દૂર રહેવાની ચેતવણી આપવામાં આવી છે. દરમિયાન, સેટેલાઇટ છબીઓએ અરબી સમુદ્રમાં ભારતીય નૌકાદળના વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતની હાજરી દર્શાવી છે. ભારતીય નૌકાદળનું મિગ-૨૯ ફાઈટર એરક્રાફ્ટથી સજ્જ એરક્રાફ્ટ કેરિયર કારવાર કિનારા નજીક અરબી સમુદ્રના ક્ષેત્રમાં કાર્યરત જોવા મળે છે. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન અરબી સમુદ્રના તે જ વિસ્તારમાં મિસાઈલનું પરીક્ષણ કરે તેવી શક્યતા છે જ્યાં ભારતીય વિમાનવાહક જહાજ વિક્રાંત હાલમાં તૈનાત છે.

પાકિસ્તાનનું મિસાઇલ પરીક્ષણ તેના લશ્કરી નેતૃત્વની ગભરાટ અને હતાશા દર્શાવે છે. પાકિસ્તાન તેના લોકોને સંકેત આપી રહ્યું છે કે તે જમીન, સમુદ્ર કે હવામાંથી કોઈપણ હુમલાનો જવાબ આપવા માટે તૈયાર છે. પરંતુ વાસ્તવમાં પાકિસ્તાની લશ્કરી અને નાગરિક નેતૃત્વ ભારતની કાર્યવાહીથી ડરી ગયું છે. આ પહેલાં બુધવારે ભારત સરકારે એક મોટો નિર્ણય લીધો હતો અને પાકિસ્તાન સાથે સિંધ જળ સંધિ મુલતવી રાખી હતી. ભારતના આ નિર્ણયને પાકિસ્તાન માટે ચોક્કસ વિનાશ માનવામાં આવે છે કારણ કે સંધિ હેઠળ, પાકિસ્તાન ભારત પાસેથી ત્રણ નદીઓનું પાણી મેળવતું હતું. આ પાણી પાકિસ્તાનની જીવનરેખા છે. આ પાણી બંધ થવાથી અનાજ માટે ટળવળતા પાકિસ્તાનીઓ માટે પાણી વિના તરફળવાનો વારો આવી શકે છે. તેની ખેતી બરબાદ થઈ જવાનો ભય ઉભો થયો છે. આ નિર્ણય બાદ, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે સવારે ૧૧ વાગ્યે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બોલાવી છે.

# ભારત સરકારની ડિજિટલ સ્ટ્રાઈક, પાકિસ્તાની ઓફિશિયલ એક્સ અકાઉન્ટ પર લગાવ્યો બેન

નવી દિલ્હી, તા. ૨૪

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે વધુ એક કડક પગલું ભર્યું છે. તેમણે પાકિસ્તાન પર ડિજિટલ સ્ટ્રાઈક શરૂ કરી છે. ભારતે પાકિસ્તાન સરકારના સોશિયલ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો છે. ભારતે અગાઉ બુધવારે સાંજે CCSની બેઠકમાં પાંચ મોટા નિર્ણયો લીધા હતા. આમાં અટારી સરહદ બંધ કરવાનો પણ સમાવેશ થતો હતો. હવે ભારતે સોશિયલ મીડિયા અંગે મોટી કાર્યવાહી કરી છે.

ભારતે દેશમાં પાકિસ્તાનના સત્તાવાર 'એક્સ' એકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો છે. હવે પાકિસ્તાનનું અકાઉન્ટ ભારતમાં દેખાશે નહીં. સીસીએસ બેઠકમાં ભારતે પોતાના માટે પાંચ મોટા નિર્ણયો લીધા. આમાં સિંધુ જળ સંધિથી લઈને અટારી સરહદ સુધી કડક પગલાં લેવામાં આવ્યા હતા. આ પછી પાકિસ્તાનમાં ભયનો માહોલ છે. તેને સર્જિકલ સ્ટ્રાઈકનો પણ ડર છે. પરંતુ હાલમાં ભારતે ડિજિટલ હડતાળ કરી છે.

# ઉરીમાં ભારતીય સેનાએ બે આતંકવાદીઓને ઠાર માર્યા

શ્રીનગર, તા. ૨૪

બુધવારે ભારતીય સેનાએ ઉરીમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા આ આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. હવે ગુરુવારે પણ ભારતીય સેનાનું આતંકવાદીઓ સાથે એન્કાઉન્ટર થયું. જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં સેનાના જવાનો આતંકવાદીઓ સાથે અથડામણમાં ઉતર્યા હતા. આ આતંકવાદીઓ દુડુ બસંતગઢના પહાડોમાં છુપાયેલા છે. સેનાએ શોધખોળ અભિયાન શરૂ કર્યું છે.

# અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં નમ્રતા અદાણીનું મહિલા સશક્તિકરણ પ્રેરક પ્રવચન

## શિક્ષણ, ગિગ વર્ક ઈકોનોમી અને મહિલા સશક્તિકરણ પર ફોકસ

મુંદરા તા. ૨

અદાણી એન્ટરપ્રાઈઝિસના ડિરેક્ટર નમ્રતા અદાણીએ તાજેતરમાં અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સીટી ખાતે પ્રેરક ઉદબોધન કર્યું હતું. મહિલા શિક્ષણ અને મહિલા સશક્તિકરણ ક્ષેત્રે સક્રિયપણે જોડાયેલા નમ્રતાબેને સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા આયોજિત ફ્યુચર ઓફ વર્ક ફોર વુમન સમિટમાં વિકસિત ભારતને ઘડવામાં શિક્ષણ અને મહિલા સશક્તિકરણની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. મહિલા સશક્તિકરણ માટેની પહેલમાં તેમણે જાત અનુભવો પણ શેર કર્યા હતા. ફ્લેક્સિબલ વર્ક એરેન્જમેન્ટ્સ: ચેલેન્જીસ, ઓપોર્ચ્યુનિટીઝ એન્ડ કરિયર પાથવેઝ ફોર વુમન વિષય આધારિત ઉચ્ચ-સ્તરીય પેનલ ચર્ચામાં ભાગ લેતા નમ્રતા અદાણીએ મહિલાઓમાં સ્વતંત્રતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાની, તેમને તમામ ક્ષેત્રોમાં સફળ થવા તેમજ ભારતની પ્રગતિમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સજ્જ થવાની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે, મહિલાઓએ પોતે જ પોતાના ભાગ્યની નિર્માતા બને - આપણે ફક્ત પરિવર્તન



લાવી શકતા નથી, પરંતુ તેનું નેતૃત્વ પણ કરી શકીએ છીએ, નમ્રતાબેને વૈશ્વિક દ્દષ્ટિકોણને આકાર આપવામાં તેમની માતાના પ્રભાવ પર પ્રતિબિંબ પાડતા કહ્યું. મારી માતા મને કહેતી હતી, જ્યારે પડકારો ઉભા થાય ત્યારે નાણાકીય સ્વતંત્રતા તમને આગળ ધપાવશે. આજે તેમણે શીખવેલા પાઠ પર મને ખૂબ ગર્વ છે. અને તોને સંચાર હું મારી પુત્રીમાં કરું છું. નમ્રતા અદાણીએ ગ્રામીણ ભારતમાં અદાણી ગ્રુપના લાંબા સમયથી ચાલી રહેલા પ્રયાસો પર પણ ભાર મૂક્યો, જ્યાં યુવાન છોકરીઓ અને મહિલાઓને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા સ્વતંત્રતા મેળવવામાં કંપનીનું ફાઉન્ડેશન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. તેમણે આ પરિવર્તનશીલ કાર્યક્રમોને દેશભરની શહેરી શાળાઓમાં વિસ્તારવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. પેનલમાં પ્રોફેસર અચ્યુતા અધ્વર્યુ Adhvaryu (UC San Diego), હેશા એરિક્સન (સસ્ટેનેબિલિટી એન્ડ ઇમ્પેક્ટ, અપવર્કના ડિરેક્ટર), પ્રોફેસર નિકોલસ બ્લૂમ (સ્ટેનફોર્ડ યુનિવર્સિટી) અને પ્રજ્ઞા ખન્ના (વાઈસ પ્રેસિડેન્ટ, ગ્લોબલ હેડ ઓફ સસ્ટેનેબિલિટી, પ્રોસસ) સહિત પ્રતિષ્ઠિત વક્તાઓની શ્રેણીએ ભાગ લીધો હતો.

## અજના દર્શન





તસ્વીર કિશન ત્રિપાઠી દયાપર

# ગુનેરી ગુફાના બ્રહ્મલીન મહંત ઉદય નંદગીરી બાપુની દસમી વાર્ષિક નિર્વાણ તિથિની ઉજવણી કરાઈ

દયાપર તા. ૨૪

લખપત તાલુકાના છેવાડે રણ સરહદની નજીક આવેલા ગુનેરી ગામ પાસેના નિત્ય શિવ નિરંજન દેવ ગુફાના બ્રહ્મલીન મહંત ઉદયનંદગીરીજી બાપુની દસમી વાર્ષિક નિર્વાણ તિથિની હોમ હવનના ધાર્મિક કાર્યક્રમ તેમજ મહાપ્રસાદ સાથે ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા ગુનેરી ગામથી અંદાજે દોઢેક કિલોમીટરના અંતરે સતત ૧૨ વર્ષ સુધી ટાકણાં, ત્રિકમ,પાવડો જેવા ટાંચા સાધનો દ્વારા એકલે હાથે ડુંગર કોતરીને નિત્ય શિવ નિરંજન દેવ ગુફા સાથે શિવલિંગનું નિર્માણ કરનાર ગુનેરી ગુફાના બ્રહ્મલીન મહંત ઉદયનંદગીરીજી ઉર્ફે નમો નારાયણ બાપુની ૧૦ મી વાર્ષિક નિર્વાણ તિથી અંતર્ગત વહેલી સવારે ગણપતિ પૂજન, માતૃકા પૂજન,હોમ હવન સહિતની ધાર્મિક વિધિ યજ્ઞના આચાર્ય શાસ્ત્રી વિશાલ કૃષ્ણ ટી. જોષીએ શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે કરાવ્યા બાદ બપોરે સમૂહ મહાપ્રસાદનું આયોજન સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું એક દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહાકાલ સેનાના સંસ્થાપક દિગંબર ખુશાલ ભારતીજી મહારાજ, પુનરાજપીર દાદા સંસ્કારધામ લીફરીના હરીસંગ દાદા, ગુનેરી ગુફાના મહંત દિગંબર અશોકભારતીજી મહારાજ તેમજ ઉગમસી ભાટી ધુણો અમીયા ના મહંત રાજનગીરી બાપુ સહિતના સંતો તેમજ ગુનેરી, ઉમરસર, ઘડુલી, સાંયરા, મુધાન, દયાપર, વર્માનગર, પાનધ્રો, સહિતના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા આયોજન વ્યવસ્થા ગુનેરી ગુફાના સેવકગણ સમિતિના સભ્યો દ્વારા સંભાળવામાં આવી હતી

## ભચાઉ રેલવે સ્ટેશન રોડની સામે શ્રી મુની સુવ્રત સ્વામી ચોક નામકરણ કરવા માંગ

ભુજ તા. ૨૪

ભચાઉ રેલવે સ્ટેશન રોડ વિસામા અને મેઘદૂત કોમ્પ્લેક્સ ની વચમાં ઉપરોક્ત નામ આપીને ચોક બનાવવાની મંજૂરી આપશો એવી વિનંતી ભચાઉ નો ઉતરોતર વિકાસ થઈ રહ્યો છે ધાર્મિક યાત્રાધામ માટે ભાવિકો દિવસે દિવસે પ્રવાસીઓ વધતા જાય છે અને રેલવે સ્ટેશન સામે મેઘદૂત કોમ્પલેક્ષ માં શ્રી મુનિ સુવ્રત સ્વામી જિનાલય છે તો ધાર્મિક દ્રષ્ટિએ ચોક નું મહત્વ વધે અને નગરપાલિકા ના કામની સરાહના થાય માટે આપ શ્રી મંજૂરી આપવા શ્રી ખીમજીભાઈ સતરાએ પત્ર પાઠવીને માંગણી કરી છે.

## હિન્દી કેન્દ્રનું હિન્દી પરીક્ષાનું પરિણામ જાહેર થશે

ભુજ તા. ૨૪

સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ રાજકોટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૫ માં લેવાયેલી ભૂજ કેન્દ્રની હિન્દીની બાળપોથી,પહલી,દુસરી અને તીસરી પરીક્ષાનાનું પરિણામ તારીખ ૨૪/૪ ના સાંજે ૬:૩૦ કલાકે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે જાહેર થશે. એવું સંચાલક વિભાકરભાઈ અંતાણીએ જણાવ્યું હતું.



# બ્રહ્મ સમાજના સીનીયર સીટીઝન કલબનું મીલન યોજાયું

ભુજ તા. ૨૪

ભુજ ખાતે છાત્રાલય માં બ્રભ્હ્ સમાજના વડીલો નું મીલન અને સન્માન મેળાવડો યોજાયા હતા. એચ.એલ.અજાણી (એડવોકેટ) અને ટ્રસ્ટીના અધ્યક્ષતામાં, મીલન, સન્માન મેળાવડો નુ છઠ્ઠો આયોજન કરાયે હતુઆ પ્રસંગે શ્રી એચ.એલ. અજાણીએ પ્રસંગ પરિચય માં વડીલોના કલ્યાણની પ્રકૃતીઓ અને સંગઠન માટે ત્થા કલબના સભ્યો વચ્ચે નીકટતા લાવવા ઉપર ભાર મુક્યો હતો જ્યારે વિપુલ મહેતા,કિરણ ચધીકારી એ વડીલોના મજબુત સંગઠન ને બીરદાવેલ હતો અને રાજીપો વ્યક્ત કરેલ હતો,વિપુલ મહેતાએ કવીતાઓ થી મેળાવડાને આનંદીત કરેલ હતા કાર્યક્રમમાં મહા માં કુંભસ્નાન કરી આવેલાઓનું તેમજ ૭૫ વર્ષના દંપતીઓ ત્થા જેમના જન્મદિવસ એપ્રીલ માસ હતો તેમના ત્થા જેમના સંતાનો વર્ગ-૧ માં ભરતી પામ્યા હોય તેમના ત્થા ગીત-સંગીત અને મનોરંજન ગેમ્સ વીજેતાઓના પણ સન્માન કરવામાં આવેલ મોહનભાઈ ગોર તરફ થી કચ્છી કવીતા પઠન થયેલ તેમજ શ્રી પ્રદિપ ઐય્યરે અને ગીતાબેને જોષી તેમજ અન્ય ભાઈ બહેનો તરફ થી ગીતોની મધુર રજુઆતો થયેલી હતી વરિષ્ઠ મહિલા કચ્છ મહિલા કેન્દ્રના પ્રમુખશ્રી કમળાબેન વ્યાસ પૂર્વ નગરપતિ હેમાબેન ગોર પન્નાબેન જોશી જયાબેન ગોર તથા ભોજન દાતાશ્રી નું સન્માન કરવામાં આવ્યુ હતુ આ વિશાળ મેળાવડાની વ્યવસ્થા અને સંન્માન પૂરસ્કાર વિતરણમાં ગીતાબેન જોષી તેમજ વૈશાલી બેન એ સ્ટેજ વ્યવસ્થા તથા પ્રસંગ હરીફાઇ અને સાથે શ્રી પ્રદિપ ભાઈ ઐય્યરે ગીત-સંગીત વ્યવસ્થા તથા શરદભાઈ ઠાકોર અશ્વિનભાઈ પંડ્યા નીતિનભાઈ પંડ્યા સંભાળવામાં સાથે રહ્યા હતા કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધી ગીતાબેન જોષી એ કરેલ હતી તેવું ઉમેશભાઇ આચાર્ય જણાવ્યુ હતુ



## માંડવી કંદોઈ સમાજ દ્વારા ત્રિ દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકા લેખન કાર્યક્રમ યોજાયો

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૪

શ્રી દશા શ્રીમાળી કંદોઈ સમાજ મહાલક્ષ્મી વાડી મધ્યે શ્રી ધીંગનાથ મહાદેવ મંદિરના ત્રિ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનનો કાર્યક્રમ તા. ૧૬/૪/૨૫ના યોજાઈ ગયો. આ પ્રસંગમાં સમાજના દરેક નાના—મોટા લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને ઉત્સાહભેર ભાગ લીધો.

કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળનાં દરેક સભ્યો એ જહેમત ઉઠાવેલ. માંડવી કંદોઈ સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ કંદોઈ અને કારોબારી કમિટીના સભ્યો દ્વારા ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો નો આભાર માનેલ. કાર્યક્રમની આભાર વિધી મીલનભાઈ એ કરેલ.



# મારૂં નામ સામાયીક હું મોક્ષ અપાવું

## માંડવી છ કોટિ જૈન સંઘમાં સમુહ સામાયીકની આરાધના કરાઈ

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૪

શ્રી માંડવી સ્થાનકવાસી છ કોટી જૈન સંઘના આંગણે પાંચેયગચ્છના ભાઈ બહેનો માટે સમુહ સામાયીકનું વિશિષ્ટ આયોજન આજ રોજ સવારે ગચ્છાધિપતિ સાધના સમ્રાટ આચાયશ્રી ભાવચન્દ્રજી મ.સા.ના સુશિષ્ય પૂ.શ્રી વિવેકચંદ્રજી મ.સા. આદિ ગુરૂભગવંતો, મહાસતીજીઓની પાવન નિશ્રામાં સંઘના મૂક—સેવક ટ્રસ્ટી અશ્વીનભાઈ મહેતાના ૭૦મા જન્મ દિવસ નિમિતે સ્વ. જીગેનભાઈ મહેતાના લાભાર્થે કરવામાં આવ્યું હતું.

પૂ. ઉજાશશ્રીજી મહાસતીએ મારું નામ સામાયિક હું મોક્ષ અપાવું નો ભાવવાહી સ્તવન રૂજૂ કરી ઉપસ્થિતોને ભાવવિભોર બનાવી મૂકેલ.

પૂ. વિવેકચંદ્રજી સ્વામીએ ૮૪ લાખ જીવાયોનીને અભયદાન આપવા માટેની આરાધના એટલે સામાયીક હોવાનું જણાવી જયાં સુધી જીવનમાં જીવદયા, જીભદયા હશે ત્યારે જ આત્મ દયા થશે. મનુષ્ય જીવન મળ્યો છે તેનો સદ્ઉપયોગ કરી ૪૮ મીનીટનો સામાયીક કરવાથી થતા પૂણ્યની વિસ્તૃત માહિતી આપી હતી.

પૂ. વિશ્વાસીનીજી મહાસતીએ સમુહ સામાયિક કરવાથી જીવનમાં મહાનતા પ્રગટે છે, અશ્વીનભાઈ પાસેના પૂણ્યના વૈભવને, પ્રવૃત્તિનો વૈભવ, પ્રજ્ઞાનો વૈભવ મળ્યો છે તેમની પ્રસન્નાતાના વૈભવને બિરદાવેલ.

પૂ. કોમલજી મહાસતીએ અશ્વીનભાઈ વિદેશથી માદરે વતન માંડવી આવી ધર્મને જીવનનો મર્મ સમજી સામાયીક, પ્રતિક્રમણ, દાદાની અઠ્ઠમ તપ, અઠ્ઠાઈ તપની આરાધના એક જ ચાતુર્માસમાં કરી ધર્મમય જીવન જીવી રહ્યા છે. તેમના ધર્મ પત્ની હીનાબેન દરેક સફળ પુરૂષની પાછળ સ્ત્રીનો હાથ હોય તેમ તેમને સહયોગ આપી રહ્યા છે. તેમની ધર્મ ભાવનાને બિરદાવી સામાયીક ના મહત્વ અંગે દરરોજના એક સોના મોરનો દાન કરનાર સામે ૪૮ મીનીટનો એક સામાયીકનો મહત્વ વધારે હોવાનું જણાવી માંડવી સંઘની પ્રગતિના આશીર્વાદ આપ્યા હતા.શ્રી સંઘ તરફથી અશ્વીનભાઈનું શાલ—માળા, પાઘડી, આશીર્વાદ પત્રથી, પ્રમુખ પુનિતભાઈ ભાછા, પુનિતભાઈ શાહ, જયેશભાઈ શાહ, રાહુલભાઈ સંઘવી, ચિંતનભાઈ મહેતા, નીતીનીભાઈ ગાંધી, રાજુભાઈ ભાછા વિગેરેએ કર્યું હતું.

# પરિવર્તનકારી સ્વાતિ બેડેકરને સાહસ અને પરિવર્તનને બિરદાવનાર 'હૌસલા ટૉક્સ'માં સ્થાન મળ્યું

અમદાવાદ

આપણે એવી દુનિયામાં જીવી રહ્યાં છીએ જ્યાં ઘણીવાર ટિકાત્મક વાતચીતોને દબાવી દેવામાં આવતી હોય છે, ત્યારે વડોદરાના સ્વાતિ બેડેકરે પોતાના સાહસ, સ્પષ્ટતા અને પરિવર્તન લાવવાના દ્દઢ સંકલ્પની સાથે આવા પડકારોની સામે બાથ ભીડવાનો નિર્ધાર કર્યો છે. માસિક દરમિયાન સ્ત્રીઓએ જે અસ્વચ્છ સ્થિતિનો સામનો કરવો પડે છે અને સેનિટરી ઉત્પાદનોની સુલભતાના અભાવે છોકરીઓએ ઘણાં દિવસો માટે શાળામાં રજા પાડવી પડે છે, તેનાથી વ્યથિત થઈને સ્વાતિએ પરવડે તેવી કિંમતે બાયોડીગ્રેડેબલ સેનિટરી પેડ્સ બનાવવા માટે 'સખી' નામની બ્રાન્ડ લૉન્ચ કરી છે.સખીની શરૂઆત ગુજરાતના દાહોદમાં થઈ હતી અને ત્યારથી વિકાસ સાધીને સ્થાનિક પેડ ઉત્પાદન એકમ મારફતે માસિક સ્વચ્છતાને સુધારવા અને સ્ત્રીઓનું સશક્તિકરણ કરવા માટેનું તે એક રાષ્ટ્રવ્યાપી અભિયાન બની ગયું છે.સ્વાતિની આ વિકાસગાથાને હવે હૌસલા ટૉક્સનું એક વિશાળ મંચ મળ્યું છે, જે વિશ્વાસ, સાહસ અને વિપરિત પરિસ્થિતિઓનો સામનો કરનારા લોકોને બિરદાવવા માટે કોટક મહિન્દ્રા બેંકની એક અનોખી પહેલ છે. હૌસલ ટૉક્સ મારફતે કોટક વાસ્તવિક લોકોની આવી પ્રેરણાદાયી વિકાસગાથાઓ પર તો પ્રકાશ પાડે જ છે પરંતુ તેની સાથે-સાથે તે પરિવર્તન લાવવા માગતા લોકોની પડખે ઊભા રહેવાના તેમના ઈરાદાને પણ દર્શાવે છેતથા તેમના વિઝન, સાહસ અને ઉત્સાહને સમર્થન પૂરું પાડે છે.




સ્વાતિની કામગીરીનીશરૂઆત જરૂરિયાતમાંથી થઈ છે અને દ્રઢ વિશ્વાસની સાથે તેનું સંવર્ધન કરવામાં આવ્યું છે. જેની શરૂઆત ગુજરાતના ગ્રામ્ય વિસ્તાર માટેના જમીની સ્તરના પ્રયાસો તરીકે થયો હતો, તેની શાખાઓ આજે ભારત, ઝિમ્બાબ્વે અને જોર્ડનમાં ઓછામાં ઓછા ૧,૧૮૦ ઉત્પાદન એકમોસુધી ફેલાયેલી છે, જે સ્વચ્છતાના ધોરણો તો બદલી જ રહી છે પરંતુ તેની સાથે-સાથે સ્ત્રીઓ અને સ્થાનિક સમુદાયોમાં આજીવિકા અને આત્મવિશ્વાસની સ્થિતિમાં પણ પરિવર્તન લાવી રહી છે.

તાલીમ અને વિકેન્દ્રિત ઉત્પાદન મારફતે 'સખી'એ માસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ પેદા કરવાની સાથે ગામડામાં વસતી હજારો સ્ત્રીઓને આર્થિક પગભર બનવા માટે સક્ષમ બનાવી છે. તે સ્થિરતા, સશક્તિકરણ અને જમીની સ્તરના નવીનીકરણ પર આધારિત એક મોડેલ છે, જે એક ચોક્કસ હેતુ અને સ્થિતિસ્થાપકતાની સાથે નેતૃત્ત્વ કરવાનું કોને કહેવાય તેનું જ્વલંત ઉદાહરણ છે.

હૌસલા ટૉક્સમાં સ્વાતિને સ્થાન પ્રાપ્ત થવું એ કોટક મહિન્દ્રા બેંકની નવી બ્રાન્ડ ફિલસૂફી 'હૌસલા હૈ તો હો જાયેગા'ની સાથે બિલકુલ સુસંગત છે, જે એ લોકો માટે આહ્વાન છે, જેઓ સપના જોવાનું અને તેને સાકાર કરવાનું સાહસ કરે છે.આ અભિયાન સ્વાતિ જેવા પરિવર્તનકારીઓને બિરદાવે છે, જેમનું સાહસ વ્યક્તિના વિકાસ તથા સમાજ, સમગ્ર સમુદાયના વિકાસને પ્રોત્સાહન આપે છે.

કોટક મહિન્દ્રા બેંકના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ - માર્કેટિંગ શ્રી કેદારસ્વામી રાવનગાવેએ જણાવ્યું હતું કે, 'કોટકની 'હૌસલા ટૉક્સ'પહેલ એવા લોકોની વાત કરે છે, જેઓ પરિવર્તન આવવાની રાહ નથી જોતાં પરંતુ પોતે જ પરિવર્તન લાવે છે. સ્વાતિની વિકાસયાત્રા 'હૌસલા હૈ તો હો જાયેગા'ની સાચી ભાવનાને પ્રતિબિંબિત કરે છે તથા તેમને હૌસલા ટૉક્સમાં સ્થાન આપીને અમે ખૂબ જ ગર્વ અનુભવી રહ્યાં છીએ, કારણ કે, તેમનું સાહસ લોકોનું ઉત્થાન કરી રહ્યું છે અને પ્રેરણા આપી રહ્યું છે.'

હૌસલા ટૉક્સ જેમ-જેમ આગળ વધતું જશે તેમ-તેમ તેમાં સ્વાતિ જેવી ઘણી પ્રેરણાદાયી વ્યક્તિઓ વિશે વાત કરવામાં આવશે અને તેમના જેવી મહત્વકાંક્ષાઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવશે, જેણે સાબિત કરી આપ્યું છે કે દ્દઢ સંકલ્પ પર આધારિત વિશ્વાસ સમગ્ર વિશ્વનીઉન્નતિ કરી શકે છે.



## આતંકી હુમલાના વિરોધમાં ભચાઉ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા પુતળા દહન કર્યું

તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા ત્યાં ગયેલા પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછી પૂછીને ગોળીઓ મારવામાં આવી આ નિર્મમ હત્યાને બજરંગ દળ ભચાઉ શહેર દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન અને આતંકવાદીના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો વિશ્વ હિન્દુ પરિષદ વાગડના જિલ્લા અધ્યક્ષ અવિનાશભાઈ જોશી એ જણાવ્યું હતું કે વર્તમાન સરકાર જમ્મુ કશ્મીરને પર્યટન ક્ષેત્રે ઉચ્ચ શિખરે લઈ જવાના પ્રયત્નો કરી રહી છે ત્યારે પ્રવાસીઓને જ તેમનો ધર્મ પૂછીને હત્યા કરવાની અત્યંત ધ્રૂણાસ્પદ ઘટનાને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ આ બાબતે સરકાર આ કૃત્ય આચરનાર નરાધમોને તાત્કાલિક ધોરણે પકડી પાડે અને ફાંસીની સજા આપે તેવી માગણી કરીએ કરીએ છીએ આજના આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ,રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,બજરંગદળ,ભારતીય જનતા પાર્ટી,ગાયત્રી પરિવાર અને વિવિધ રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આયોજન મહેશભાઈ સોની અને રમેશભાઈ જોશી અલ્પેશ પ્રજાપતિ અને બજરંગદળ નાં કાર્યકરોએ સંભાળ્યું હતુ




ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498

એક જ કોલમાં દર્દીની સંભાળ માટે સેવા ઉપલબ્ધ



અશક્ત, પથારીવસ દર્દીની સારસંભાળ, સ્નાન-પંચીગ કરાવવા કે ડાયપર બદલવા માટે જરૂરિયાતને પહોંચાડવા માટે આજે સંપર્ક સાંધો
9824102079
ભેરૂમલ ચાવરીયા
ભુજ-કચ્છ.


Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER



# માંડવીમાં મહાવીર ગ્રુપ દ્વારા જૈનપુરી મધ્યે બોક્ષ ક્રીકેટ ટુર્નામેન્ટ યોજાઈ : શાહ સીકસર્સ ચેમ્પીયન બની

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૪

મહાવીર ગ્રુપ દ્વારા એમપીએલ સીઝન–૨ નું જૈન પુરી મધ્યે શ્રી વિશા શ્રીમાળી ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ માંડવીની પ્રેરણાથી આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨ ફ્રેન્ચાઈઝી ની ૧૨ ટીમો વચ્ચે રમાડવામાં આવેલ હતી. ૧૨ ફ્રેન્ચાઈઝીનો લાભ અનુક્રમે મા પદમાવતી, એન વી ઈ બાઈક, નવકાર વોરીયર્સ, ફ્રેન્ડસ સીક્ષર, ભવ્ય માસ્ટર, શાહ સીક્ષર, એસ.આર. સ્ટ્રીકર, વીબીસી સ્ટ્રાઈકર, ઝેડબી એસ બોનાન્ઝા, રીયાન્ઝા સ્ટ્રાઈકર, રૂપાલી ફ્રેન્ડસ, આર્યન સ્ટ્રાઈકરે લીધો હતો.

ફાઈનલ મેચ શાહ સિકસર્સ અને મા પદમાવતી વચ્ચે રમાડવામાં આવી હતી. જેમાં શાહ સિકસર્સ ચેમ્પિયન બની હતી. આ સમગ્ર ટુર્નામેન્ટમાં બેસ્ટ બેટ્સમેન યશ સંઘવી (મા પદવાવતી), બેસ્ટ બોલર જુગલ સંઘવી (મા પદમાવતી), અને મેન ઓફ ધી સિરિઝ જીનેશ બોરીચા (નવકાર વોરીયર્સ), બન્યા હતા. કોમેન્ટ્રેટર પાર્થ શાહ (એક્રર) અને સ્કોરર આયુષ દોશી રહ્યા હતા. અમ્પાયર તરીકે વપ્રિપ શાહ અને ભાવિન શાહ રહ્યા હતા. કચ્છલોક માંડવી મીડીયા પાર્ટનર રહેલ આ સમગ્ર ટુર્નામેન્ટ ને સફળ બનાવવા માટે મહાવીર ગ્રુપના અક્ષત શાહ, અભિષેક શાહ, સોહમ ગાંધી, નમી શાહ, યશ ભંડારી, હીતાર્થ શાહ અને વૈભવ બાબરીયા એ જહેમત ઉઠાવી હતી.

આદીનાથ આર્ટ ગેલેરી ટ્રોફી સ્પોન્સર રહેલ તેમના હાથ વિજેતાનો સન્માન કરવામાં આવ્યું હતું. માંડવી સતા પક્ષના નેતા લાંતીકભાઈ શાહ, જૈન બે નાત જ્ઞાતિના ખજાનચી જુગલભાઈ સંઘવી, કચ્છલોકના જયેશભાઈ શાહના હસ્તે વિજેતાઓને ટ્રોફી અપાઈ હતી.

# રાપર એપીએમસી મા તગડા ભાડા વધારા સામે વેપારી બંધ પાળશે

ભુજ તા. ૨૪

વાગડ વિસ્તારના રાપર તાલુકામાં એક માત્ર આવક નુ સાધન હોય તો તે ખેતી છે આ તાલુકામાં કોઈ ઈન્ડસ્ટ્રી એરીયા નથી એટલે નેવું ટકા આવક ખેતી આધારિત છે ત્યારે મુખ્ય મથક રાપર ખાતે આવેલી રાપર તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મા ૬૫ જેટલા વેપારીઓ ખેડૂતો પાસેથી ખેત પેદાશ ખરીદી કરી રહ્યા છે જેના માટે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હસ્તકની ૧૨૩ જેટલી દૂકાનો ભાડે રાખી ધંધો કરી રહ્યા છે હાલ રાપર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મા વહિવટદાર શાસન હતું છે જેનો ચાર્જ નાયબ નિયામક પાસે છે અને સેક્રેટરી ની જગ્યા પણ ખાલી પડી છે જેનો ચાર્જ ક્લાર્ક પાસે છે એટલે દિન પ્રતિદિન ઘર ની ધોરાજી સમાન વહિવટદાર અને ઈન્ચાર્જ સેક્રેટરી દ્વારા વહીવટ કરવા મા આવી રહ્યો છે ગોડાઉન તરીકે કે પેઢી તરીકે એક દુકાન નવસો રુપિયા ના ભાડે આપવામાં આવી છે પરંતુ આ વહીવટદાર અને સેક્રેટરી એ પોતાની રીતે ઘરના નિર્ણયો લઈ વેપારીઓ ને લુંટવા માટે કામગીરી કરી છે જેમાં નવસો રુપિયા ના ભાડા ની જગ્યાએ સીધું પાંચ હજાર કરવામાં આવ્યું છે તેમજ વેપારીઓ ને સમયસર ધંધા રોજગાર માટે નુ એપીએમસી નુ લાયસન્સ મળતું નથી કે રીન્યુ કરવા માટે ગલ્લાંતલ્લાં કરવામાં આવે છે વહિવટદાર ને મજા આવે તો આવે છે નહિતર સેક્રેટરી તમામ કામગીરી સંભાળે છે આ બાબતે આજે એપીએમસી વેપારી મંડળના પ્રમુખ શૈલેષ શાહ ના અધ્યક્ષ સ્થાને તમામ વેપારીઓ ની બેઠક મળી હતી જેમાં ભાડા વધારા નો તથા લાયસન્સ માટે તકલીફો ઉભી થઈ છે તે અન્વયે વિરોધ કર્યો હતો અને આ બાબતે કોઈ નિરાકરણ નહીં આવે તો તારીખ ૨૬/૪/૨૦૨૫ શનિવાર થી અચોક્કસ મુદત સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે કે કોઈ પણ વેપારીઓ એ કોઈ ખરીદી કે વેચાણ ના કરવું રાપર એપીએમસી મા અગાઉ પણ નગરપાલિકા દ્વારા ફી બાબતે વેપારીઓ ની દુકાનો સીલ કરી દેવામાં આવી હતી ત્યારે પણ એપીએમસી ના વહિવટદાર કે સેક્રેટરી દ્વારા કોઈ પગલા ભરવા માટે અટકાવ ન તો કરવામાં આવ્યો એપીએમસી મા ડાયરેક્ટર ની તથા ચેરમેન ની ચૂંટણી ને અનુલક્ષીને કોર્ટમાં જાહેરાતહીત ની અરજી દાખલ કરવામાં આવી છે એટલે કોઈ ધણી નથી વેપારીઓ રાત દિવસ ઉજાગરા કરી ધંધો કરે છે ત્યારે એપીએમસી ના વહિવટદાર અને સેક્રેટરી દ્વારા પાંચ ગણા થી વધુ ભાડા વધારો કરી દીધો છે અને લાયન્સ માટે પણ ગલ્લાંતલ્લાં કરવામાં આવે છે આ બાબતે વેપારીઓ એ આંદોલન નો માર્ગ અપનાવ્યો છે આજે મળેલી બેઠકમાં એપીએમસી વેપારી મંડળ અને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ના પ્રમુખ શૈલેષ શાહ ગાંગજીભાઈ પટેલ લખમણભાઈ કારોત્રા ભરત ઠકકર કિર્તી મોરબીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા આગામી દિવસોમાં આ મુદ્દે નિર્ણય નહીં લેવાય તો ગાંધી નગર ખાતે મુખ્યમંત્રી અને કૃષિ મંત્રી ને રજૂઆત કરવામાં આવશે





# વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ નખત્રાણા પ્રખંડ દ્વારા નિર્દોષ હિંદુઓની કતલેઆમના વિરોધમાં પૂતળા દહન

નખત્રાણા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ નખત્રાણા પ્રખંડ દ્વારા પહેલગામ કશ્મીરમાં નિર્દોષ હિંદુઓની કતલેઆમ કરવામાં આવી છે તેના વિરોધમાં પૂતળા દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણસિંહ સોઢાએ આ કૃત્યને વખોડી ને જે કોઈ આમાં જવાબદાર છે તેમને કડકમાં કડક સજા આપવામાં આવે એક જ ધર્મના લોકોને આવી રીતે ટાર્ગેટ કરી જે કૃત્ય કર્યુ છે એ ક્યારેય પણ સાખી લેવાય નહીં આજના કાર્યક્રમમાં વિભાગના માતૃશક્તિ સંયોજીકા સોનલબેન શેઠિયા, કૃષ્ણકાંત પંડ્યા, કમલેશભાઈ રાવલ, કુલદીપભાઈ રામાણી, હિરેનભાઈ ભાનુશાલી, મગનભાઈ ચોપડા, કવિ પંખી બજરંગ દળ ના યુવરાજસિંહ જાડેજા પ્રીતેશભાઈ રૈયાણી, મેહુલભાઈ લુહાર, કલ્પેશભાઈ લુહાર મગનભાઈ તથા મોટી સંખ્યામાં બજરંગ દળ માતૃશક્તિ દુર્ગા વાહિની રાજકીય સામાજિક સંગઠનના મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહી આ કૃત્યને વખોડી કાઢયો હતો એમ લક્ષ્મણસિંહ સોઢાએ જણાવ્યું હતું





# કલેક્ટર કચેરી કચ્છ ખાતે અધિકારીઓ-કર્મચારીઓ માટે નિઃશુલ્ક મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાયો

ભુજ

કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેષ ભંડેરીના માર્ગદર્શન હેઠળ જી.કે.જનરલ હોસ્પિટલ, એલર્ટ ઈન્ડિયા એનજીઓ અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ ટોટલ હેલ્થ સોલ્યુશનના સંયુક્ત ઉપક્રમે કચ્છ કલેક્ટર કચેરી ખાતે નિઃશુલ્ક જનરલ મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ આ કેમ્પની મુલાકાત લઈને મહત્તમ સંખ્યામાં અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને મેડિકલ ચેકઅપ કરાવવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.કલેક્ટર કચેરી ભુજ ખાતે વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પમાં અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને કચેરીમાં આવેલા અરજદારોના ઊંચાઈ-વજન માપન, બ્લડ પ્રેશર મોનિટરિંગ, રેન્ડમ બ્લડ સુગર ટેસ્ટ, બ્લડ ગ્રૂપ ચેકઅપ, ટીબી ટેસ્ટ, ચેસ્ટ એક્સ-રે વગેરેની તપાસ કરવામાં આવી હતી. આ નિદાન બાદ જરૂરિયાત મુજબની દવાઓ અને માર્ગદર્શન નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૧૦૦થી વધારે અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓ સહભાગી બન્યા હતા.આ કેમ્પના આયોજન દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલની સાથે નિવાસી અધિક કલેક્ટરશ્રી ડી.પી.ચૌહાણ, પ્રાંત અધિકારીશ્રી ડૉ.અનીલ જાદવ, જનસંપર્ક અધિકારીશ્રી હરેશ વાડા, કલેક્ટરના ચીટનીશશ્રી ચિરાગ નિમાવત વગેરે અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર મેડિકલ કેમ્પનું સંકલન શ્રી એમ.આઇ.બાયડ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મેડિકલ કેમ્પમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખા, જી.કે.જનરલ હોસ્પિટલ, રેડક્રોસ સોસાયટીની સંયુક્ત મેડિકલ ટીમોએ સેવા આપી હતી. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. દિનેશ સુતરીયા, જિલ્લા ટીબી અધિકારીશ્રી ડૉ. મનોજ દવે, મેડિકલ ઓફિસર ડૉ.વૈશાલી ડાભી, ડૉ.વસીમ ગુંદાવાલા, શ્રી વાઘેલા અજીતસિંહ, NCD DPC વિપુલ દેવમુરારી, શ્રી ગઢવી ધર્મેન્દ્ર સી., શ્રી ઈસ્માઈલ સમા સહિત આરોગ્યકર્મીઓએ કેમ્પમાં સેવા આપી હતી. જિલ્લા કલેક્ટરશ્રી મેડિકલ કેમ્પના આયોજનને મહત્વપૂર્ણ ગણાવીને તમામ સંસ્થાઓની તબીબી કામગીરીને બિરદાવી હતી.



# કોઠારામાં પહેલગાવની ઘટનાથી આક્રોશ

બજરંગ દળ કોઠારા પ્રખંડ દ્વારા પહેલગામમાં જે ઘટના બની તેના સંદર્ભમાં આજે કોઠારા બસ સ્ટેશન ઉપર પૂતલા દહન કરવામાં આવ્યું આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો અને વિશ્વ હિન્દુ પરિષદ અને સૌ સનાતનઓની માંગ છે ભારત સરકાર પાસે તે કડકમ કડક પગલાં લેવામાં આવે અને જીવાદી માનસિકતાઓ ને ખતમ કરવામાં આવે જે નિર્દોષ ૨૮ પર્યટક નિરમમ હત્યા કરવામાં આવી અને તેની નિષ્પક્ષ ઝાંચ કરવામાં આવે ન્યાય મળે. તેમાં ઉપસ્થિત રહ્યા વિશ્વ હિન્દુ પરિષદ માતાના મઢ જિલ્લા મંત્રી પ્રદીપ ડાયાણી, સૌરાષ્ટ્ર પ્રાંત ધર્મ પ્રસાર વિશે સંપર્ક પ્રમુખ જગદીશ સિંહ જસુભા ગોહિલ, સૌરાષ્ટ્ર પ્રાંત સેવા વિભાગ સહ પ્રમુખ ચેતનભાઈ રાવલ, કોઠારા પ્રખંડ મંત્રી નિરવભાઈ પોકાર ,બજરંગદાસ સયોજક મહેન્દ્રસિંહ જાડેજા ,આશિષ ગીરી, કુલવંતસિંહ, સોનુ પ્રજાપતિ, શાસ્ત્રી શ્રી ભરત જોશી ,અમિતભાઈ રૂપારેલ, વસંતભાઈ પટેલ, વિક્રમસિંહ જાડેજા તાલુકા પંચાયત ઉપપ્રમુખ, ગજુભા જાડેજા તેમજ હિન્દુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સિને સૃષ્ટિ


# મૌની રોયે જાહેર કર્યાં પોતાના બ્યૂટી સિક્રેટ


મૌની રોયે તાજેતરમાં જ એક ફેશન બ્રાન્ડ માટે રૅમ્પ વૉક કર્યું હતું. જેમાં તે આખા કપાળને ઢાંકી દેતાં માંગટીકા સાથેના લૂકમાં જોવા મળી હતી. તેની ફેશન માટેની આ પસંદગીના કારણે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ થઈ ગઈ હતી. કેટલાંક લોકોએ તેના પર કોસ્મેટીક પ્રોસીજરનાં પણ આક્ષેપ કર્યા હતા. તેના પર આ પ્રકારના આક્ષેપ વારંવાર થતા રહ્યા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં મૌનીને આ અંગે પૂછાયું તો તેણે આ વિવાદથી દૂર રહેવાનું પસંદ કર્યું હતું. તેણે કહ્યું હતું કે તે યોગ્ય સમયે આ અંગે વાત કરશે.



આ સાથે મૌનીએ કબૂલાત પણ કરી હતી કે તેને આટલા અનુભવ પછી પણ જ્યારે રૅમ્પ વૉક કરવાનું હોય ત્યારે ગભરામણ થાય છે. તેણે કહ્યું કે એક્ટિંગ અને ડાન્સ કરવાનો હોય તો તે આત્મવિશ્વાસથી ભરપુર હોય છે, પરંતુ રૅમ્પ વૉક આજે પણ તેને નર્વસ કરે છે. તે કહે છે કે પરંતુ આ મુંઝવણને તેના સ્ટેજ પ્રત્યેના પ્રેમ તરફ જ ધ્યાન આપીને દૂર કરે છે. સાથે જ મૌની રોયને નાગિન પછી બ્રહ્માસ્ત્રમાં પણ સુપર નેચરલ પાવર ધરાવતો રોલ કરતી જોઈને લોકોએ એવા પણ આરોપ લગાવ્યા હતા કે તે એક જ પ્રકારના રોલ કરે છે. આ અંગે તેણે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, વાર્તા કેટલી મજબુત છે અને તેનું સ્ક્રિપ્ટમાં કેટલું મહત્વ છે, તે જોઈને પોતાના રોલ પસંદ કરે છે. જો સ્ક્રિપ્ટમાં તેના માટે કોઈ પડકાર કે સ્પર્ધા જાય એવી બાબત ન હોય તો એ રોલ કરતી નથી.

એક્ટિંગ સિવાય મૌનીના દેખાવ અને સુંદરતાના પણ વખાણ થતાં રહ્યાં છે, ત્યારે પોતાના બ્યૂટી કેર રુટીન અંગે મૌનીએ કહ્યું કે દિવસમાં ૮ થી ૧૦ ગ્લાસ પાણી અચૂક પીવે છે. ચહેરા પર અને ત્વચા પર સન સ્ક્રીન લગાવવાનું ક્યારેય ભુલતી નથી. તેમજ તે પોતાની ત્વચાને નિયમિત મોઈશ્ચરાઈઝ કરે છે. આ સાથે તે ઘરમાં બનાવેલું એલોવેરા, હળદરનું ફેસપેક લગાવવામાં માને છે, શૂટ પૂરુ થયાં પછી મેક અપ તરત જ ઉતારી દે છે. તે રોજિંદા જીવનમાં બને તેટલો ઓછો મેક અપ કરવામાં અને સાફ ત્વચા રાખવામાં માને છે. તે અઠવાડિયે એક વખત ચહેરા પર મસાજ પણ કરે છે, જેથી બ્લડ સર્ક્યુલેશન જળવાઈ રહે. તે મેક અપ માટે પોતાની ત્વચા સાથે મેચિંગ ફાઉન્ડેશન, તેમજ આંખોમાં મસ્કરા અને લાઈનરનો ઉપયોગ કરે છે.




# રણવીરની 'સિમ્બા' અને અક્ષય કુમારની 'સૂર્યવંશી'ની સિક્વલ બનાવશે રોહિત શેટ્ટી

રોહિત શેટ્ટી તેના કોપ યુનિવર્સને આગળ વધારવાનો પ્લાન કરી રહ્યા છે. તેણે 'સિંઘમ', 'સિમ્બા' અને 'સૂર્યવંશી' જેવી ફિલ્મો બનાવી છે. ત્યારે તાજેતરમાં તેણે પોતાની આ કોપ યુનિવર્સ ફ્રેન્ચાઇઝીને આગળ વધારવાના આયોજન અંગે વાત કરી હતી. રોહિત શેટ્ટીએ ખાતરી આપી છે કે તે રણવીર સિંહની 'સિમ્બા'ની સિક્વલ બનાવશે. તેણે એવું પણ કહ્યું કે તે અક્ષય કુમારની 'સૂર્યવંશી'ની સિક્વલ પણ પ્લાન કરી રહ્યા છે.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રોહિત શેટ્ટીએ જણાવ્યું, ''સિમ્બાનો પણ બીજો ભાગ હશે અને સૂર્યવંશી પણ આગળ વધશે. બીજા નવા લોકો પણ આવશે. કોપ યુનિવર્સમાં હજુ વધારે ફિલ્મો બનશે. એટલે જ અમે કોપ યુનિવર્સ બનાવ્યું છે.''

આ ઈન્ટરવ્યુમાં જ રોહિતે ખુલાસો કર્યો કે શરૂઆતમાં તેનો કોપ યુનિવર્સ બનાવવાનો કોઈ પ્લાન નહોતો. તેણે કહ્યું કે ૨૦૧૧માં જ્યારે સિંઘમ બનાવી ત્યારે એ એક આવી મોટી બ્રાન્ડ બનશે એવી કલ્પના પણ નહોતી કરી. તે સિમ્બા લખતા હતા ત્યારે તેને ફિલ્મ એકબીજા સાથે જોડવાનો વિચાર આવ્યો હતો. તેથી અમે આ કોપ યુનિવર્સ મોટું કરવા માટે સૂર્યવંશીમાં અક્ષય કુમારને પણ લાવ્યા.

આ યુનિવર્સમાં દીપિકા પાદુકોણ અને ટાઈગર શ્રોફ પણ જોડાઈ ગયાં છે. આ અંગે રોહિત શેટ્ટીએ જણાવ્યું કે ૨૦૧૯માં એ સૂર્યવંશીનું કામ કરતા હતા, ત્યારે તેને અજય દેવગન, કરીના કપૂર, રણવીર સિંહ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને દીપિકા પાદુકોણને સાથે લઈને ફિલ્મ બનાવવાનો વિચાર આવ્યો હતો. તેની ટીમે દીપિકા અને ટાઈગરના નવા પાત્રો લખ્યા અને તેને નવી ધાર આપી. શાહરુખ ખાન અને રોહિત શેટ્ટીએ એકસાથે 'ચેન્નઈ એક્સપ્રેસ' અને 'દિલવાલે' જેવી બે ફિલ્મો આપી છે. તેમાં 'ચેન્નઈ એક્સપ્રેસ' તો સારી ચાલી પરંતુ 'દિલવાલે' નિષ્ફળ રહી હતી. ત્યારથી તેમની બંનેની વચ્ચે તિરાડ પડી ગઈ હતી. આ અંગે ઘણી ચર્ચા થતી રહી છે. આ ઈન્ટરવ્યુમાં આખરે રોહિત શેટ્ટીએ આ અંગે ખુલાસો કર્યો છે. રોહિતે કહ્યું, ''ના, આવું કંઈ જ નથી. અમારી વચ્ચે એક રિસ્પેક્ટ છે અને દિલવાલે પછી એવું થયું કે તેના તરત પછી અમે અમારા પોતાના પ્રોડક્શન હાઉસ ખોલી લીધાં. અમે નક્કી કર્યું કે અમે અમારી પોતાની ફિલ્મ બનાવીશું. જો નુકસાન થાય તો અમારું જ થાય, લોસ નહોતો થયો તેમ છતાં.''

રોહિતે સ્પષ્ટતા કરી કે દિલવાલે ખાસ નહોતી ચાલી છતાં વિદેશોમાં આ ફિલ્મ ઘણી સારી ચાલી હીચ. આ ફિલ્મ શાહરુખ અને ગૌરી ખાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી હતી. આ સાથે રોહિત શેટ્ટીએ અજય દેવગન સાથેની દોસ્તી અંગે પણ વાત કરી હતી. સાથે તેણે દીપિકાના ડેડિકેશનના પણ વખાણ કર્યા હતા.



# ગુમ મોબાઈલનેશોધી આપી મૂળ માલિકને પરત સોંપતી લાકડીયા પોલીસ

ભુજ તા. ૨૪

લાકડિયા વિસ્તાર માં લાકડીયા રોડ પર ચાર દિવસ પહેલા એક રાહદારી નામે રવિભાઈ ભીખાભાઈ કોળી નો ફોન ખોવાઈ ગયેલ જે બાબતે એમને લાકડીયા પોલીસ ને જાણ કરેલ અને લાકડીયા પીઆઈ જે.એમ.જાડેજા તથા પોલીસ સ્ટાફ દ્વારા ત્વરિત એક્શન લઈ ટેકનીકલ સોર્સ ના આધારે ગુમ થયેલ મોબાઈલ કિંમત રૂપિયા ૨૪,૦૦૦ ગણતરી ના દિવસો માં શોધી આપી પરત કરેલ છે

# કાળઝાળ ગરમીમાં જૈન સેવા સંસ્થા સંચાલિત ભુજના નિઃશુલ્ક છાશ કેન્દ્રને બહોળો આવકાર :૪૨૦૦૦ લોકોએ લાભ લીધો

ભુજ તા. ૨૪

પ.પૂ.અ. યોગી આ.ભ. શ્રીમદવિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના દિવ્યાશિષ અને પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદવિજય કલ્પતરૂસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે વિવિધ દાતાઓના સહયોગથી લાલટેકરી પોઈન્ટ પર શરૂ કરાયેલ નિઃશુલ્ક છાશ કેન્દ્રને બહોળો આવકાર મળેલ છે અને કાળઝાળ ગરમીમાં ૪૨૦૦૦ જેટલા જરૂરતમંદ લોકોએ તેનો લાભ લીધો છે.

સંસ્થાના પ્રોજેકટ ચેરમેન હિરેન દોશીની યાદીમાં જણાવ્યા પ્રમાણે હાલે સૂર્યદેવ ગગનમાંથી સતત અંગારા વરસાવી રહ્યા છે ૪૩-૪૪ ડિગ્રી તાપમાન છે ત્યારે લોકોના હૈયે ટાઢક થાય તે હેતુસર ભુજમાં ૨૦ દિવસ થયા નિઃશુલ્ક છાશ કેન્દ્ર શરૂ કરાયું છે જેને બહોળો આવકાર મળેલ છે.

આ છાશ કેન્દ્રનો દરરોજ ૨૨૦૦ જેટલા લોકો લાભ લે છે.જૈફ વયે દરરોજ જરૂરતમંદોને છાશ પીરસી ભક્તિ કરતા સી.સી. જોશી ખડેપગે પગે રહે છે લોકોની સેવા કરે છે.





આ છાશ કેન્દ્રને દાતાઓનો સ્વયંભૂ સહયગ મળી રહેતા આ નિઃશુલ્ક છાશ કેન્દ્ર સળંગ ત્રણ માસ સુધી એટલે કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજ સુધી જારી રાખવાની સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાએ નેમ વ્યક્ત કરી હતી.

આ સેવા પ્રકલ્પને સુપેરે પાર પાડવા સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાના નેતૃત્વમાં પ્રો. ચેરમેન હિરેન દોશી, સી.સી. જોશી, પ્રદિપ દોશી, શાંતિલાલ મોતા, ઓજશ શેઠ, ગિરીશભાઈ પારેખ, નિવૃત પીઆઈ કે.બી. પરમાર, કૌશિક મહેતા ચિંતન મહેતા મનીશ મહેતા, હિંમતભાઈ રાજગોર વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.




# ભુજમાં જાયન્ટ્સ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક છાશ કેન્દ્ર

ભુજ તા. ૨૪

જાયન્ટસ ગ્રુપ ભુજમાં અવારનવાર જોવા મળતું દ્રશ્ય ઉંમરમાં અને હોદા ની રીતે પણ ઘણા મોટા આપણા જાયન્ટસ ઓફિસર શ્રમ દાન કેટલા નિષ્ઠાપૂર્વક સપ્રેમ આપી શકે છે. ફોટામાં ડાબેથી ફેડ. ઉબી ના કુપોષણ / એનેમિક ઓફિસર સદાય સક્રિય શ્રી પ્રદીપ કુમાર જોષી, યુ ડી. શ્રી હેમંતભાઈ ઠક્કર, પર્યાવરણ ઓફિસર શ્રી જયસિંહ ભાઈ પરમાર, કો-ઓડીનેટર ડો.શ્રી મધુકાન્ત ભાઈ આચાર્ય, સ્પેશીયલ કમિટી મેમ્બર શ્રી શાંતિભાઈ પટેલ અને યુનીટ ઓફીસર શ્રી વાડીલાલ ભાઈ આજે ભુજ એસ.ટી. બસ સ્ટેશન ઉપર દિલેર દાતાશ્રી હર્ષદભાઈ બુદ્ધભટ્ટી ઠંડી છાશ વિતરણ ના તા. ૨૩/૪/૨૫ના રોજ પ્રોજેક્ટના ૧૨મા દિવસે શરૂવાતથી અંત સુધી અવિરત સેવા આપી હતી જે ખરેખર ધન્યવાદને પાત્ર છે. સેવા કરવા ધગશ અને હોંશ જોઈએ. ઉંમર કે હોદા સાથે કોઈ લેવા દેવા નથી એની સમજ મળે છે. એમની સાથે ડાયરેકટર શ્રી વિનોદભાઈ ગોર, શ્રી નરસિંહ ભાઈ ગોગરી અને મંત્રી શૈલેશ વસાએ ઉપસ્થિત રહી સહયોગ આપેલ.



હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર





તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯

# એલસીબીએ બોગસ પેઢીના આધારે છેતરપીંડી કરે તે પહેલા જ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કર્યો

## બનાવટી ભાડા કરારના આધાર બેંકમાં ખાતા ખલાવનારા બે સુરતવાસીઓ ઝડપાયા : તપાસમાં વધુ કડાકા ભડાકા બહાર લાવવા પીઆઈ ચુડાસમાની તપાસનો ધમધમાટ

ભુજ, તા. ૨૪

ગેરકાયદેસર હવાલા કે છેતરાપિંડીથી નાણાં મેળવીને નાણાં અલગ-અલગ ખાતામાં જમા કરાવવા માટે સુરત બાજુના આરોપીઓએ ભુજમાં ઓફિસ ખોલીને બનાવટી ભાડા કરારના આધારે બેંક્રમાં ખાતા ખોલી ઉદ્યમનું સર્ટિ મેળવી પેઢી તૈયાર કરી તેના જીએસટી નંબર મેળવીને આ ખાતા તથા જીએસટી નંબરનો ગેરઉપયોગની ફિરાકમાં હતા તે પૂર્વે જ આ વેપલાનો એલસીબીએ પર્દાફાશ કરી બે આરોપીને ઝડપી લીધા છે.

છેતરપિંડી કે ગેરરીતિથી મેળવેલા નાણાંને જુદા-જુદા ખાતામાં ઠાલવવા ડિજિટલ ઠગબાજો આવા બનાવટી ખાતાનો ઉપયોગ કરતા હોય છે. આ ઉપરાંત જીએસટી નંબરના ગેરઉપયોગ કિસ્સાઓ પણ અગાઉ સામે આવી ચૂક્યા છે. ત્યારે થયેલા આ પર્દાફાશમાં ઝીણવટભરી તપાસ બાદ મોટા કડાકા ભડાકા થવાની સંભાવના જોવાઈ રહી છે.

પશ્ચિમ કચ્છ એલસીબી પીઆઇ ચુડાસમાની ટીમે ભુજમાં બોગસ દસ્તાવેજના આધારે બેંક્ર ખાતા ખોલાવવા આવેલા બે સુરતવાસીને પકડાયા છે. ઝડપાયેલા આ બન્ને શખ્સોએ ભુજમાં ઓફિસ ખોલીને બનાવટી ભાડા કરારના આધારે બેંક્રમાં ખાતા ખોલી ઉદ્યમનું સર્ટિ મેળવી પેઢી તૈયાર કરી તેના જીએસટી નંબર મેળવીને આ ખાતા તથા જીએસટી નંબરનો ગેરઉપયોગની ફિરાકમાં હતા તે પૂર્વે જ બાતમી પરથી આ વેપલાનો એલસીબી પીઆઇ ચુડાસમાની ટીમે પર્દાફાશ કર્યો છે.

આ પર્દાફાશ અંગે એલસીબીએ જાહેર કરેલી વિગતો મુજબ એલસીબીને બાતમી મળી હતી કે, સુરતથી અમુક ઈસમો ભુજ આવીને હીરાણીપાર્ક-૧, શક્તિ હોટલ સામે, એન્જિનીયરિંગ કોલેજ રોડ મધ્યે દુકાન ભાડે રાખી કરેલા ભાડા કરાર આધારે અન્ય ખોટા ભાડા કરાર બનાવી તેનો ઉપયોગ પેઢી ઊભી કરી, ખોટા ઉદ્યમ સર્ટિ બનાવી તેમજ



બનાવટી સરનામાવાળા આધારકાર્ડ બનાવીને પેઢીના નામે અલગ-અલગ બેંક્રોમાં ખાતા ખોલાવવા અને તે ખાતાઓમાં નાણાકીય છેતરપિંડી તેમજ ગેરકાયદેસર હવાલાનાં નાણાં મેળવવાની પ્રવૃત્તિ ચાલુ છે. આ બાતમીના પગલે એલસીબીએ દરોડો પાડતાં ત્યાં આરોપી દીપક હરજીભાઈ મારુ (રહે. મૂળ બોટાદ બાજુનો હાલે સુરત) મળી આવ્યો હતો. આ ઓફિસની ઝડતી લેતાં આધારકાર્ડ, અલગ-અલગ બેંક્રોની પાસબુકો-ચેકબુકો, એટીએમ કાર્ડ તથા દુકાનોના નોટરી કરેલા દસ્તાવેજો, ઉદ્યમ-આઈ.ઈ.સી. તથા જીએસટીના સર્ટિ મળી આવ્યા હતા.આ શંકાસ્પદ આધારો-કાગળો અંગે દીપકે વિશ્વાસમાં લઈ યુક્તિ-પ્રયુક્તિથી પોલીસ પૂછપરછ કરતાં તેણે જણાવ્યું કે, હું તથા દિગ્વિજયભાઈ સુરેશભાઈ ગીડા (રહે. કતારગામ, સુરત), જયદીપ દેવરાજભાઈ મારૂ (રહે. સુરત) સાથે આશરે દોઢેક મહિના પહેલાં ભુજમાં આવ્યા હતા અને આ દિગ્વિજયભાઈએ મારા અસલ આધારકાર્ડ પરથી આ દુકાનનો મારા નામનો ભાડાકરાર કરાવ્યો હતો. બાદમાં તે ભાડાકરારની વિગત પરથી દિગ્વિજયભાઈએ આ જ દુકાનનો ખોટો ભાડાકરાર દુકાન માલિકની જાણ બહાર જયદીપના નામનો સુરત મધ્યે કરાવ્યો હતો. મારા તથા જયદીપના ભુજના ખોટા સરનામાનો ઉપયોગ કરી અમારા આધાર કાર્ડ બનાવ્યા તથા ખોટું ઉદ્યમ સર્ટિ બનાવી અને તેના આધારે જી.એસ.ટી. રજિસ્ટ્રેશન કરાવ્યું, જેમાં શિવશક્તિ તથા સોનબાઈ એન્ટરપ્રાઈઝ નામથી રજિસ્ટ્રેશન કરાવ્યા હતા. ભાનુશાલીનગરમાં એક દુકાન ભાડે રાખી છે, જેનુ નામ તેઓએ રુદ્રાક્ષ એન્ટરપ્રાઈઝ રાખ્યું અને તેનું ભાડા કરાર અમીત મહાદેવભાઈ ચૌધરીના નામનો કરાવ્યો છે અને ત્યાં પણ અમારી બીજી દુકાન ચાલુ છે. દીપકે વધુમાં જણાવ્યું કે, આ દિગ્વિજયભાઈએ અમને કહ્યું કે, આવી રીતે બધી ફર્મના તેમજ તમારા નામના અલગ-અલગ બેંક્રોમાં કરંટ ખાતાઓ ખોલાવવાના છે અને આ ખાતાઓ ખોલીને હું આગળ આપી દઈશ અને આ ખાતાઓમાં ગેરકાયદે હવાલાના રૂપિયા તથા અન્ય રીતે રૂપિયા આવશે. તમને તમારા ખાતાના ભાડાના રૂા. ૨૦,૦૦૦ મળી જશે, તેમ જણાવ્યું હતું. દીપકને સાથે રાખી એલસીબીએ ભાનુશાલીનગરમાં તપાસ કરતાં અમીત મહાદેવભાઈ ચૌધરી મળી આવ્યો તથા આ જગ્યાએ તપાસે આધાર કાર્ડ, બેંકની પાસબુક, ચેકબુક તથા એટીએમ કાર્ડ અને દુકાનના ભાડા કરારની નકલ તથા ઉદ્યમ સર્ટિ તથા આઈઈસી સર્ટિ મળી આવ્યા. અમીતે પણ જણાવ્યું કે, દિગ્વિજયભાઈએ રુદ્રાક્ષ એન્ટરપ્રાઈઝ નામની દુકાન ખોલી તેના નામનું ઉદ્યમ સર્ટિફિકેટ બનાવી અને મારા આધારકાર્ડમાં સરનામું દિગ્વિજયે બદલાવી અને મારા આધાર પુરાવા ઉપર કરંટ ખાતું ખોલાવવા માટે જણાવી મને કહ્યું કે, એક ખાતું ખોલવાના મને રૂા. ૨૦,૦૦૦ મળશે. આ દિગ્વિજય તથા જયદીપે મને ખોટા નામના અલગ-અલગ કરંટ એકાઉન્ટ ખોલાવવા મને અહીં ભુજ લાવ્યા હતા અને એક ખાતું ખોલાવવા મને ૨૦,૦૦૦ રૂપિયા આપવા જણાવ્યું હતું. પોલીસે દીપક અને અમીતને બનાવટી શંકાસ્પદ વિવિધ આધાર, સર્ટિ તથા દસ્તાવેજ સાથે ઝડપી લીધા છે, જ્યારે આ કામના અન્ય આરોપી દિગ્વિજયભાઈ અને જયદીપને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ચારે આરોપી વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી આદરી છે. દરમિયાન પ્રાથમિક તપાસમાં આ કેસમાં આરોપીઓએ ભુજમાં એક ખાતું ખોલાવ્યું છે અને ૧૦ ખાતા ખોલવાની પ્રક્રિયા ચાલુ હતી. આ દરોડામાં મળેલી બેંક્ર પાસબુકની વિગતોની ચકાસણી શરૂ કરાઈ હોવાનું એલસીબીની યાદી દ્વારા જણાવ્યું છે.





# કચ્છના પ્રવેશદ્વાર આડેસર હાઈવે પર કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોલીસે ચેકીંગ હાથ ધર્યું

ભુજ તા. ૨૪

જમ્મુ અને કાશ્મીરના પહેલગામ મા નાપાક આતંકવાદીઓ ના હુમલા મા ૨૬ લોકો ના મરણ થયા છે ત્યારે સમગ્ર દેશમાં આ પ્રકારની ઘટનાઓ નુ પુનરાવર્તન ના થાય તે માટે લોકો ની કડક કાર્યવાહી સામે માંગ ઉઠી છે ઠેરઠેર વિરોધ કરી આંતકવાદી ના ઘર એવા પાકિસ્તાન સામે પગલાં લેવા ની માંગ ઉઠી છે ત્યારે સરહદી વિસ્તાર ધરાવતા કચ્છ જિલ્લા મા પણ કોઈ ભાંગફોડ પ્રવૃત્તિ ના થાય તે માટે સુરક્ષા વ્યવસ્થા કડક ગોઠવવામાં આવી છે તે અન્વયે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ના માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છ જિલ્લામાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા રાપર તાલુકામાં તથા ખડીર વિસ્તારમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

રાઉન્ડ ધ કલોક પોલીસ પેટ્રોલીંગ કરી રહી છે ત્યારે કચ્છ ના પ્રવેશદ્વાર રાપર તાલુકાના આડેસર થી કચ્છ મા રાજસ્થાન દિલ્હી પંજાબ હરિયાણા નાગાલેંડ મધ્ય પ્રદેશ આસામ ઝારખંડ ઉતર પ્રદેશ ઉતરાંચલ સહિત ના સોળ રાજ્ય ના વાહનો સરસામાન માટે આવજાવ કરે છે ઉપરાંત આંતર રાજ્ય તથા આંતર જિલ્લા ની એસટી બસ તથા લક્ઝરી બસમાં મુસાફરો આવજાવ કરે છે ત્યારે આવા વાહનો દ્વારા કોઈ ગેર પ્રવૃત્તિ ના થાય તે માટે આડેસર પોલીસ દ્વારા આડેસર પીઆઈ જે એમ વાળા તથા પોલીસ સ્ટાફ દ્વારા પહેલગામ હુમલા બાદ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે જેમાં સતત રાત દિવસ વાહનો ચેકીંગ કરવામાં આવી રહ્યા છે અને શંકાસ્પદ શખ્સો તથા કાળા કાચ ધરાવતા વાહનો સામે પગલાં ભરવા મા આવી રહ્યા છે ઉપરાંત આડેસર પોલીસ મથક હેઠળના વિસ્તારમાં આવેલા રણ વિસ્તારમાં પણ પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યું છે આ અંગે પીઆઈ જયરાજસિંહ વાળા એ જણાવ્યું હતું કે આડેસર પોલીસ ચેક પોસ્ટ પર થી દરરોજ સોળ સતર રાજ્ય ના વાહનો કંડલા મુન્દ્રા લખપત ગાંધીધામ ભુજ તથા અન્ય ઔદ્યોગિક એકમો મા માલ સામાન ખાલી કરવા તથા ભરવા માટે આવ જાવ કરી રહ્યા છે ત્યારે આવા વાહનો નુ ચેકીંગ સઘન કરવામાં આવી રહ્યું છે અને શંકાસ્પદ વાહનોની તપાસ કરવા મા આવે છે.

ઉપરાંત આડેસર પોલીસ મથક હેઠળના મોમાયમોરા વરણુ વાછળા દાદારણ મેઢક રણ તથા અન્ય રણ વિસ્તારમાં સુરક્ષા સઘન બનાવી આ વિસ્તારમાં થી પસાર થતા વાહનો ની તપાસ કરવા મા આવી રહી છે આમ કચ્છ જિલ્લા મા અન્ય રાજ્યોમાં થી કોઈ ગેર કાયદેસર ની પ્રવૃત્તિ ના થાય તે માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે

# રત્નાપર (મઉં)માં ધરતીની હત્યા નીપજાવ્યાની કબૂલાત કરતાં પતિ સામે હત્યાનો ગુનો નોંધાયો

ભુજ, તા. ૨૪

રત્નાપર વાડી વિસ્તારમાં પત્નિની હત્યા પછી કુદરતી મોત બતાવીને મામલો પતાવી દેવાની મેલી મુરાદ ઉપરથી પોસ્ટમોર્ટરમ રિપોર્ટના કારણે બર નહોતો આવ્યો. પોલીસની કામગીરીથી હત્યા કરી હોવાની કબુલાત પરથી હત્યાનો ગુનો નોંધાયો હતો. પતિએ જ ઘર કંકાસમાં પત્નીનું ગળું દબાવી મામલાને બીમારીથી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો.જો કે પોલીસની તપાસમાં હકીકતો સામે આવતા હત્યાનો ગુનો દાખલ કરી આરોપી પ્રેમીની ધરપકડ કરી લેવામાં આવી છે.

પત્નિ ધરતીબેનને સારવાર અર્થે ગઢસીસા CHCમાં સદગુરુ પ્રવીણ-ભાઈ તડવી લઈ આવ્યો હતો. આ યુવતીનો પોતે પતિ થતો હોવાનું કહી ધરતીને ખેંચ ઉપડવાથી મોઢામાં ફીણ નીકળતાં લઈ આવ્યાનું જણાવ્યું હતું. તબીબે તપાસી મૃત જાહેર કરતાં આ કુદરતી મોતની એમએલસીના આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો હતો, પરંતુ પીએમ રિપોર્ટ અને એમએલસીની વિગતોમાં વિરોધાભાસ જણાતાં પોલીસની ઉલટ તપાસમાં આરોપનીસદગુરુ ભાંગી પડયો હતો અને તેણે ધરતીની હત્યા નીપજાવ્યાની કબૂલાત કરી હતી.

આ હત્યાના ગુના અંગે ગઢશીશા પોલીસ મથકના ઈન્ચાર્જ પી. આઈ. શ્રી સી. વાય. બારોટે વિગતો જાહેર કરતાં જણાવ્યું હતું કે, એમએલસીની વિગતો અને પીએમ રિપોર્ટના વિરોધાભાસથી આ મૃત્યુ શંકાસ્પદ જણાતાં બનાવ સ્થળની આજુબાજુના લોકો તથા મરણ જનાર સાથે સંકળાયેલા લોકોની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, મૃતક ધરતીબેન મહેશભાઈ સોલંકી (લુહાર)ને ભગાડીને લઈ આવનારસદગુરુ તડવી રત્નાપર (મઉં)માં દિશાંતભાઈ પોકારની વાડી ઉપર રહેતો હતો. આથી મૂળ કુંડી, તા. બડેલી, જિ. છોટા ઉદેપુરના સદગુરુ શકમંદ લાગતાં તેની યુક્તિ-પ્રયુક્તિથી પૂછતાછ કરતાં તે ભાંગી પડયો હતો અને બંને વચ્ચે ઝઘડો થતાં તેણે ધરતીની હત્યા નીપજાવ્યાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. તપાસમાં સામે આવ્યું કે, આ સદગુરૂ તડવી હતભાગી ધરતીબેનને ભગાડીને રત્નાપર મઉં ગામે આવ્યો હતો. બે-અઢી મહિનાથી તે સાથે રહેતો હતો. બન્નેના લગ્ન થયા ન હતા પરંતુ બન્ને સાથે રહેતા હતા. બન્ને વચ્ચે થયેલા કંકાસમાં આવેશમાં આવીને સદગુરૂએ ગળું દબાવી મહિલાની હત્યા કરી મામલાને બિમારીથી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. ગઢશીશાના ઈન્ચાર્જ પીઆઈ સી. વાય. બારોટ, પીએસઆઈ એમ. કે. પરમાર સહિતના કાર્યવાહીમાં જોડાયા હતા અને કાયદેવરની કામગીરી આદરી છે.



## આતંકવાદીઓના નરસંહારના વિરોધમાં હિન્દુ સંગઠનો દ્વારા પૂતળા દહન

અત્યાર સુધી અનેક વખત આતંકવાદી હુમલા થયા છે,પરંતુ પ્રથમ વખત ધર્મનું પૂછી અને ત્યારબાદ ગોળી મારવાના બનાવને કારણે સમગ્ર દેશમાં વિરોધ ઉઠ્યો છે. મંગળવારે બપોરે કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા નર સંહારના વિરોધમાં ભુજમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા જયુબિલી સર્કલ પર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. હિન્દુ યુવાઓએ પાકિસ્તાન અને આતંકવાદીઓના વિરોધમાં સૂત્રો પોકાર્યા હતા. હનુમાન ચાલીસાનું પઠન કર્યું હતું અને આતંકવાદીના પૂતળાનું દહન કર્યું હતું.



## ખાનગી કંપનીએ જાહેર રસ્તો અવરોધતાં ગુંદાલાના કિશાનોમાં રોષ

ભુજ તા. ૨૪

મુન્દ્રા તાલુકાના ગુંદાલા મુકામે ખાનગી કંપનીએ લોકોની આવજા માટેનો જાહેર રસ્તો અવરોધયો હોવાની ફરિયાદ સાથે સ્થાનિક કિસાનોએ મામલતદાર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું.અને તાત્કાલિક ધોરણે માર્ગ ખુલ્લો કરવાની માંગ કરી હતી.બહોળી સંખ્યામાં રજૂઆત માટે આવેલા કિસાનો પૈકી સ્થાનિક અગ્રણી નરસંગભાઈ લખુભાઈ આહીરે ગુંદાલા ના સર્વે નંબર પચાસવાળી જમીનના માર્ગ ને ગ્રેવિટા કંપનીએ અવરોધી તેની ઉપર ચણતર કરી નાખ્યું હોવાનો આક્રોશ વ્યક્ત કરી તેના કારણે ખેતીકામ કરવા જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડતી હોવાનું જણાવ્યું હતું.વિશેષમાં આવેદનપત્રમાં તાત્કાલિક ધોરણે દબાણ હટાવી જમીન ખુલ્લી કરવાની માંગ કરી હતી.અત્રે નોંધનીય છે કે તાલુકાના ઔદ્યોગિક વિકાસ બાદ ગુંદાલા ની જમીનોના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે.ત્યારે અગાઉ સાથણી માં મળેલ જમીનો ની માપણી માટે પણ કિસાનો માં વિરોધ નો સૂર વહેતો થતાં પ્રશાસન દ્વારા તાત્કાલિક ધોરણે માપણી પ્રક્રિયા હાથ ધરી કિસાનોની જમીન પરત કરાઈ હતી. કિસાનો દ્વારા કંપનીને પણ રજૂઆત કરાઈ હતી, છતાં કોઈ નિવેડો ન આવતા અંતે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## રાપરના મોડામાં ગાંજાના જથ્થા સાથે એક શખ્સ પકડાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૨૪

રાપર તાલુકાના મોડા ગામમાંથી પોલીસે એક શખ્સને રૂા. ૧૫૮૦ના ગાંજાના જથ્થા સાથે પકડી પાડયો હતો. આ શખ્સે પોતાના ઘરે ગાંજાનો છોડ વાવ્યો હતો જે પણ પોલીસે જપ્ત કર્યો હતો. મોડા ગામમાં રહેનાર મહેશ જીણા કોળી (મોરવાડિયા) નામનો શખ્સ ગાંજાનું વેચાણ કરતો હોવાની સચોટ પૂર્વ બાતમીના આધારે સ્થાનિક આડેસર પોલીસે ગઈકાલે બપોરે કાર્યવાહી હાથ ધરી હતી. મોડા ગામના ઈન્દિરા આવાસમાં પોતાનાં ઘરે હાજર મળી આવેલા આ શખ્સને સાથે રાખીને પોલીસે ઘરની તપાસ હાથ ધરી હતી જેમાં સ્ટીલની ધાતુ જેવી નાની ટાંકી (પવાલી)માંથી ૧૫૮ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ શખ્સે પોતાનાં મકાનનાં આંગણામાં ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું અને ચાર-પાંચ દિવસ પહેલાં પાંદડા, ફૂલ પોતે તોડીને તેને સૂકવીને પોતે પી ગયો હતો. આ જગ્યાએથી સૂકો ગાંજો, વનસ્પતિજન્ય પાંદડાં, પાંદડા વગરનો ૩ ઈંચનો છોડ, ડિજિટલ વજન કાંટો, સ્ટેપ્લર, પ્લાસ્ટીકની થેલીનાં બે પેકેટ, મોબાઈલ, રોકડ રકમ વગેરે પોલીસે જપ્ત કર્યા હતા. છોડનું પૃથક્કરણ કરવા અર્થે ડી.એફ.એસ. ગાંધીનગર મોકલવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## આદિપુરમાં આંકડો લેનાર શખ્સ પોલીસ ઝપટમાં

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ તા. ૨૪

આદિપુરના મદનસિંહ સર્કલ નજીકથી પકડાયેલા શંકાસ્પદ શખ્સને પોલીસ મથકે લઈ જવાયો હતો જ્યાં તે ૮૦ લાઈન પાસે આંકડો રમતો હોવાની કેફિયત આપતાં તેની અટક કરવામાં આવી હતી. આદિપુરના મદનસિંહ સર્કલ પાસેથી શંકાસ્પદ લાગતા પપારામ સવારામ બોસ (મારવાડી)ને પોલીસે પકડી પાડયો હતો. તેને પોલીસ મથકે લઈ જઈ પૂછપરછ કરાતાં પોતે ૮૦ લાઈન પાસે ઊભો રહી જાહેરમાં આંકડો રમતો હોવાની કેફિયત આપી હતી. તેની પાસેથી કાર્ડ જપ્ત કરાયું હતું, જેમાં આંકડા લખેલા છે. આ શખ્સ પાસેથી રોકડ રૂા. ૧૨૪૦ હસ્તગત કરાયા હતા. તે કોના માટે આંકડો લેતો હતો તે સહિતની વિગતો બહાર આવી નહોતી.

## કાશ્મીર પહેલગામમાં થયેલ હુમલાને સખત શબ્દોમાં વખોડતું માંડવી આઈએમએ

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૨૪

ખૂબ જ દુઃખ અને ભારે હૃદય સાથે, અમે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ માંડવી) ના સભ્યો, કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલામાં થયેલા દુઃખદ જાનહાનિ માટે અમારી ઉંડી સંવેદના વ્યકત કરીએ છીએ. હિંસાના આ ધૃણાસ્પદ કૃત્યએ માત્ર નિર્દોષ લોકોના જીવ જ લીધા નથી પરંતુ સમગ્ર દેશના શાંતિપ્રિય નાગરિકોના હૃદય અને મન પર અમીટ છાપ છોડી છે. અમે આ કાયરતાપૂર્ણ અને જઘન્ય ગુનાની શકય તેટલી કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ.આ અર્થહીન કૃત્યમાં ભરપાઈ ન થઈ શકે તેવી ખોટ સહન કરનારા પીડિતોના પરિવારો પ્રત્યે અમે અમારી હૃદયપૂર્વકની સહાનુભૂતિ વ્યકત કરીએ છીએ. અમારા વિચારો અને પ્રાર્થનાઓ આ દુઃખદ સમયમાં ઘાયલ થયેલા લોકો અને અસરગ્રસ્ત દરેક વ્યકિત સાથે છે.આઈએમએ, માંડવી આ દુઃખની ઘડીમાં કાશ્મીરના લોકો અને સમગ્ર રાષ્ટ્ર સાથે અતૂટ એકતામાં ઉભું છે. ગંભીર જોખમનો સામનો કરવા માટે પોતાના જીવ જોખમમાં મૂકનારા અમારા સુરક્ષા દળો અને કટોકટી પ્રતિસાદકર્તાઓની હિંમત અને ઝડપી કાર્યવાહીની અમે પ્રશંસા કરીએ છીએ.માનવતાની સેવા માટે પ્રતિબધ્ધ ડોકટરોના સંગઠન તરીકે, અમે ભારત સરકારને ગુનેગારો અને તેમના સમર્થકો સામે નિર્ણાયક અને કડક કાર્યવાહી કરવા માટે ભારપૂર્વક વિનંતી કરીએ છીએ. અમે દરેક વ્યકિતને પીડિતો અને તેમના પરિવારોના સમર્થનમાં એક થવા અને એક રાષ્ટ્ર તરીકે આપણને બાંધતા શાંતિ, કરૂણા અને એકતાના મૂલ્યોને જાળવી રાખવા માટે પણ આહ્વાન કરીએ છીએ.મૃત્યુ પામેલા આત્માઓને શાશ્વત શાંતિ મળે. તેની સંવેદના વ્યકત કરેલ હતી.

## ભુજની સોની વેપારી પેઢીમાંથી ૧૩.૫ કરોડની ચોરીના મામલે આર્બિટ્રેશન રદની માગણી નામંજૂર

ભુજ, તા. ૨૪

અહીંના સોની વેપાર ભાઈઓ વચ્ચે મિલ્કત સંબંધે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. કરાયેલ આર્બિટ્રેશનની અરજી રદ કરવાની માગણી સાથેના મામલામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ માગણી નામંજૂર કરતો કિશોર પ્રેમજી સોલંકી તરફે ચુકાદો આપ્યો હતો.

અહીંના હોસ્પિટલ રોડ ઉપર કાર્યરત સોના-ચાંદીના વેપારીની જાણીતી પેઢી કે.જે. જ્વેલર્સના ભાગીદાર ભાઈઓ વચ્ચે છેલ્લા ત્રણેક વર્ષથી ચાલતા ૧૩.૫ કરોડની ચોરી સહિતના ચર્ચાસ્પદ મામલામાં કરવામાં આવેલી આર્બિટ્રેશનની અરજી રદ કરવાની માગણી સાથેના મામલામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ માગણી નામંજૂર કરતો કિશોર પ્રેમજી સોલંકી તરફે ચુકાદો આપ્યો હતો. આ ચકચારી પ્રકરણમાં ભાગીદારી ડીડ મુજબ આર્બિટ્રેશન મારફતે વિવાદનો નિવેડો લાવવાની જોગવાઈ હોઈ આ અરજી કિશોર પ્રેમજી સોલંકી અને તેના પુત્ર રાઘવ પ્રેમજી સામે કરાઈ હતી. કેસના સામાવાળા કિશોર પ્રેમજી સોલંકી દ્વારા આર્બિટ્રેશન ધારાની કલમ ૧૬ની જોગવાઈઓ મુજબ આ અરજી ચાલી શકે નહીં તેમ જણાવી લવાદ સમક્ષ અરજી રદબાતલ કરવા માગણી કરી હતી. મુંબઈ હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ એમ.એસ. શાહ દ્વારા સામાવાળાની આ માગણી નામંજૂર કરાઈ હતી. દરમ્યાન આ હુકમ બાદ જયેશ પ્રેમજી વિગેરે રાજયની વડી અદાલત સમક્ષ લવાદની અરજી રદ કરવા માટે ગયા હતા. હાઈકોર્ટના ન્યાયાધીશ મોના એમ. ભટ્ટ દ્વારા વિગતવારના કારણો સાથે સામાવાળાની અરજી રદ કરતો આદેશ કર્યો હતો. આ સુનાવણીમાં કિશોર પ્રેમજી તરફે વકીલ તરીકે હાઈકોર્ટમાં એસ.પી. મજમુદાર અને મૃગેશ બારોટ હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સોની વેપારીની આ જૂની અને જાણીતી પેઢીના સંચાલકો એવા બે ભાઈ વચ્ચેનો આ વિવાદ છેલ્લા ત્રણેક વર્ષથી ચાલી રહ્યો છે, જેમાં ૧૩.૫ કરોડની ચોરીના આરોપ સાથે ફોજદારી નોંધાયા બાદ સમયાંતરે કેસની કાયદાકીય લડતમાં ચડાવઉતાર આવી ચૂકયા છે.

## જોઈએ છે

**ડીટીપી ઓપરેટર :**
ગુજરાતી ટાઈપીંગ કરીને અખબારના પેજ સેટ કરી શકે તેવા અનુભવી ડીટીપી ઓપરેટર જાહેર ખબર ડિઝાઈનિંગ માટે જરૂર છે. ઈનડિઝાઈન, ફોટોશોપની જાણકારી હોવી જરૂરી છે. તેમજ શીખવામાં ઋચિધારવનાર પણ આવકાર્ય છે.

**વહીવટી કાર્ય માટે :**
બીલીંગી, એકાઉન્ટીંગ માટે (કોમ્પ્યુટરની જાણકારી સાથે) જાગ્યા ખાલી છે.

**ડિજિટલ વર્ક માટે :**
રોજબરોજના વેબ અપલોડ અને સોશિયલ મીડિયા પ્રમોશનનાં કામો માટે ઉત્સાહી યુવા સ્ટાફ નીમવાના છે. કોમ્પ્યુટર, ડિઝાઈનિંગ, સોશિયલ પ્રમોશન, ઈન્ટરનેટ, વેબપોર્ટલ અંગેની જાણકારી હોવી જરૂરી છે.

ઉપરોક્ત જગ્યાઓ માટે પૂરતું જ્ઞાન અને અનુભવ ધરાવનારને અગ્રતા અપશે. તાલીમ મેળવનાર પણ આરજી કરી શકે છે. અને આવળત અનુસાર પગાર આપવામાં આવશે.

**જાહેર ખબર માર્કેટીંગ :**
જાહેર ખબરની માર્કેટીંગ કરી શકે તેવા અનુભવીની સ્ટાફ.

**પ્રિન્ટીંગ વિભાગ માટે :**
અખબારી છાપકામ માટે પ્રિન્ટીંગ પ્રેસમાં કામ માટે અનુભવી કે બિનઅનુભવી વ્યક્તિ.

: અરજી માટે સંપર્ક :
**વાવડ કાર્યાલય**
અક્ષરધામ, ૧૦૪/એ, લોટસ કોલોની ભુજ-કચ્છ.